શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રંથમાળા. ગ્રંથાંક [૩૮].



પ્રતિજ્ઞા પાલન.

કર્તા,
યોગનિષ્ઠ, શાસ્ત્રવિશારદ,
જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી.

વિવેચનકાર,
શાહ નેમિચંદ ઘરાભાઇ માસ્તર.

પ્રકાશક
અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ તરફથી
શાહ. લલ્લુભાઇ કરમચંદ.
ચંપાગલી—મુંબઇ.

વીર સંવત ૨૪૪૬] પ્રત ૫૦૦ [વિક્રમ સંવત ૧૯૭૬

મૂલ્ય ૦-૫-૦.

પ્રસ્તાવના.

સં. ૧૯૭૧ ની સાલમાં ગુરૂ મહારાજ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ પેથાપુરના સંઘના અત્યંતાગ્રહથી પેથાપુરમાં ચોમાસુ કર્યું, ત્યારે આસો માસમાં મારા મિત્ર રતિલાલ મગનલાલ સહિત હું ગુરૂશ્રીના દર્શનાર્થે પેથાપુર ગયો, ગુરૂશ્રીના ઉપદેશામૃતનું પાન કરીને અનેક અનુભવને પ્રાપ્ત કર્યો હતા. ગુરૂશ્રીની આજ્ઞાથી તેમની ખાનગી નોંધબુક જોવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. તેમની નોંધબુકમાં પ્રતિજ્ઞાપાલન સંબંધી ૭૨ બહોત્તેર કવ્વાલિયો હૃદયોદ્‌ગારરૂપે લખેલી હતી તે વાંચવામાં આવી અને તેના પર વિવેચન કરવાની ઇચ્છા થઇ. તે બાબત ગુરૂશ્રીને જણાવવામાં આવી. ગુરૂશ્રીએ તે બાબતની અનુમતિ આપી, તેથી યથામતિ યથાશક્તિના અનુસારે પ્રતિજ્ઞાપાલન પર વિવેચન કરવાની પ્રવૃત્તિ થઇ અને તે પૂર્ણ કરાઇ.

મનુષ્ય તરીકે ગણાવવા માટે પ્રતિજ્ઞા પાળવાની મુખ્ય જરૂર છે. પ્રતિજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કર્યા વિના મનુષ્યત્વ પ્રાપ્ત થતું નથી તો ધર્મી તરીકે ગણાવવાનો દાવો તો ક્યાંથી કરી શકાય ? પ્રતિજ્ઞાપાલ - પ્રવૃત્તિથી અનેક ગુણોની પ્રાપ્તિ થાય છે અને તેથી પ્રતિજ્ઞા પાળવાની અત્યંત જરૂર છે. પ્રતિજ્ઞા પાળવા માટે અર્થાત્ આપેલું વચન પાળવા માટે વિક્રમ રાજાએ અને હરિબળ માચ્છીએ પ્રાણાર્પણ કરવામાં ન્યૂનતા સેવી નહોતી. રાજ્યવ્યવહારમાં, રાજ્યશાસનમાં, અને વ્યાવહારિક વ્યવહારમાં, પ્રતિજ્ઞા પાળ્યા વિના કદિ ચાલી શકે તેમ નથી. આસ્વાદરૂપથી પ્રતિજ્ઞાપાલન ગુણને વિશ્વવર્તિ મનુષ્યો આચારમાં મૂકે તો તેઓ વિશ્વને સ્વર્ગમય કરી શકે અને વિશ્વમાં સર્વ પ્રકારની ઉન્નતિ કરી શકે.

ધર્મવ્યવહારમાં પ્રતિજ્ઞાપાલન વિના કદિ ચાલી શકે તેમ નથી જેની પ્રતિજ્ઞાનું ઠેકાણું નથી તેના ધર્મનું ઠેકાણું નથી, માટે પ્રતિજ્ઞાપાલન શક્તિવાળો મનુષ્ય ધર્મી બનવાને અધિકારી બની શકે છે. પ્રતિજ્ઞા પાળવા માટે પ્રતિજ્ઞાપાલન વિચારોને લેખો, દ્વારા, પુસ્તકો

प्रतिज्ञा पालन.

सद्गुरुं नमस्कृत्य, प्रतिज्ञापालकं शुभम् ।
प्रतिज्ञाकाव्यग्रन्थस्य, विवृतिः क्रियते मया ॥

करीने वाच बोलीथी, कर्युं स्वार्पण प्रतिज्ञाथी;
अहंताध्यासने छोडी, प्रतिज्ञा पाळ हिम्मतथी—१

વિવેચન—વચનથી કોલ (પ્રતિજ્ઞા) કરીને જે ત્હેં સ્વાર્પણ પ્રતિજ્ઞાથી કર્યું હોય તો, હે આત્મન્ ! સર્વ પ્રકારના અહંતાધ્યાસનો ત્યાગ કરી હિમ્મતથી અર્થાત્ ધૈર્યથી પ્રતિજ્ઞા પાળ. પ્રતિજ્ઞા પાલન કરવાને કદાપિ ભૂલી શકાય તેમ નથી. સદ્ગુરૂ સ્વશિષ્યને સંબોધી નિર્દેશે છે કે—હે આત્મન્ ! ત્હારે ઉત્તમોત્તમ જીવન પ્રાપ્ત કરવું હોય તો જે જે પ્રતિજ્ઞાઓ ત્હેં હસતાં પણ કરી હોય તે તે સર્વ સ્વાર્પણ કરીને હિમ્મતથી પાળ.

प्रतिज्ञायाः समो धर्मो, न भूतो न भविष्यति ।
प्रतिज्ञापालनेनैव, मृतोऽपि भुवि जीवति ॥

श्रीमद् बुद्धिसागरसूरि.

અને તેવો પ્રતિજ્ઞાપાલક મનુષ્ય વીર ધીર પ્રભુ થવાને સમર્થ થાય છે, અકલંક અને નિષ્કલંક દેવનું ચરિત્ર ખરેખર પ્રતિજ્ઞાપાલનની આવશ્યકતા માટે વિદ્યુત્ વેગે હૃદયમાં અસર કરે છે. અકલંક અને નિષ્કલંકસાધુએ સાધુ દશામાં તત્ત્વાર્થ સૂત્ર પર ટીકા રચી છે. તે બન્નેએ બાલ્યાવસ્થામાં સાધુ થવા માટે જે વચનો કહ્યાં હતાં

[illegible] હેત,
[illegible] સમકી;
[illegible] મહી
[illegible] સમકી.

[illegible] કરવાઈ
ઉપરે [illegible] ઉપ
ઉત્તમ [illegible] ઉપ
[illegible] થત
નથી, [illegible] રહેલી છે
તેમ કુદરતી [illegible] આધારે
જન સમાજને વિચારની [illegible] પ્રતિજ્ઞા
પાળવાનો ઉદ્દેશ તેમનામાં [illegible] પણ [illegible]
દેહનો વિચાર [illegible] પ્રતિજ્ઞા [illegible] એટલુજ
નહિ પણ [illegible] કરી [illegible]
સ્વભાવ ઉપર [illegible] અન્ય પુરુષ સ્વપ્રતિજ્ઞાનો

એક અંશ સાધે છે, એવી આજના અર્ધદગ્ધ મનુષ્યો માફક તરફી દેવાની હિમ્મત સરખી પણ રાખવી નહિ !

જો હે આત્મન્ !!! કોઇ પણ બાબતની પ્રતિજ્ઞા કરી સર્વ સ્વાર્પણ કર્યું હોય તો તેથી પશ્ચાત્ ભયાદિ વાસનાથી પાછો ફરીશ નહિ. " प्रतिज्ञा पाळ हिम्मतथी " ખરેખર હિમ્મતથી પ્રતિજ્ઞા પાળ !!! એમ ગુરૂજી જણાવે છે, તેમાં અપૂર્વ રહસ્ય સમાયલું છે. હિમ્મત, શૌર્ય, બુદ્ધિકળા, વિજ્ઞાન, સમર્પણ, વિના પ્રતિજ્ઞાનું કદાપિ પ્રતિપાલન થતું નથી–કાયર મનુષ્ય કદાપિ પ્રતિજ્ઞા પાળી શકતો નથી; કાયર મનુષ્યને ભય તેમજ વહેમ ઘણો હોય છે; કાયર મનુષ્યને પ્રાણુ ઘણા વ્હાલા હોય છે, તેથી તે જે જે મુખથી પ્રતિજ્ઞા કરે છે, તેની અપૂર્ણતામાંજ સ્વજીવન વહે છે. હિમ્મતથી સ્વાર્પણ દશા પ્રકટાવવાની યોગ્યતા આવ્યાથી જે જે પ્રતિજ્ઞાઓ કરવામાં આવે છે તેઓનું પાલન કરી શકાય છે. 'હિમ્મતની કિંમત નહિ જગમાં' એ કાવ્યમાં લખેલી હિમ્મતની દશા પ્રાપ્ત થાય છે, ત્યારે પ્રતિજ્ઞા પાળી શકાય છે. શરીર, મન, વાણી, યશ, કીર્તિ ધનાદિ સર્વ પ્રિય વસ્તુઓ કરતાં પ્રતિજ્ઞાની પ્રિયતા વિશેષતઃ સમજાય છે, ત્યારે પ્રતિજ્ઞા પાળવાનાં હિંમત ગુણને ખીલવી શકાય છે. જ્યાં સુધી પ્રતિજ્ઞાપાલન ગુણની મહત્તા, ઉપયોગિતા સમજવામા આવતી નથી ત્યાં સુધી પ્રતિજ્ઞા પાલનમાં હિંમતને પ્રગટાવી શકાતી નથી. પ્રતિજ્ઞાપાલન કરવામાં હિમ્મત વિના નપુંસક, બાયલા જેવી દશા પ્રાપ્ત થઈ શકે છે, માટે કોઇ જાતની પ્રતિજ્ઞા કરતાં પૂર્વે હિમ્મત, પ[illegible]િન ખીલવવા પર વિશેષ લક્ષ્ય દેવાની જરૂર છે. નિર્ભયતા પ્રાપ્ત કર્યા વિના ખરી હિંમત પ્રગટી શકતી નથી. માટે નિર્ભયતા પ્રાપ્ત કરી હિંમતને ખીલવી પ્રતિજ્ઞા પાળવામાં આત્મભોગ આપવો જોઇએ.

જૈન સમાજના ચરમ તીર્થંકર મહાવીરની અદ્ભૂત પ્રતિજ્ઞાપાલન શક્તિ નિહાળવાની જરૂર છે. શ્રીમહાવીરે, માતાના ઉદરમાંજ માતાને વેદના ન થાય માટે હાલ્યા ચાલ્યા વગર શરીરને સંકોચી રાખ્યું. પુત્રવત્સલ માતાને આથી ઘણું દુઃખ ઉત્પન્ન થયું અને

સમજવાનું છે કે સત્પુરૂષો જે કાર્ય આદરે છે તેને કદાપિ ત્યજતા નથી. પ્રતિજ્ઞા પાળવી તેજ ખરેખર સત્ય છે.

> प्रतिज्ञा वीरनी शोभा, प्रतिज्ञा कीर्तिनुं ल्हाणुं
> प्रतिज्ञा स्वर्गनी कुंची, प्रतिज्ञा प्राणनी मूर्ति–२

ભાવાર્થ—

> वीरशोभा प्रतिज्ञैव, नान्यत् किंचिद् विचारय ।
> प्रतिज्ञाभ्रष्टलोकस्य, जीवनं तत्तु दूषणम् ॥ १ ॥
> यशःकीर्तिप्रसादोहि, प्रतिज्ञापालनाद्भवेत् ।
> कुंचिका स्वर्गद्वारस्य, प्रतिज्ञैव विभावय ॥ २ ॥
> प्राणमूर्तिः प्रतिज्ञैव, सर्वधर्मस्य जीवनम् ।
> जानाति तद्रहस्यं यः, सैष साधुर्महीतले ॥ ३ ॥

श्रीबुद्धिसागरसूरि.

ગમે તેવો વીર મનુષ્ય ગણાતો હોય પરંતુ પ્રતિજ્ઞાપાલન ગુણ વિના તે વીરની શોભાને લાયક નથી. પ્રતિજ્ઞા પાલનમાંજ વીરની શોભા છે. નામવીર, સ્થાપનાવીર અને દ્રવ્ય વીર કરતાં પ્રતિજ્ઞાપાલન કરનાર વીરની ઓર પ્રકારની શોભા છે. જ્યાં સુધી પ્રતિજ્ઞાપાલનત્વ પ્રાપ્ત થયું નથી, ત્યાં સુધી મનુષ્ય તરીકે વિશ્વમાં ગણાવું તે અયોગ્ય ઠરે છે. બંધુઓ! ઓ ભારતવાસીઓ!!! જો તમારે કર્મવીર, ધર્મવીર, બનવું હોય તો લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરો. પ્રતિજ્ઞા દેવીનું આરાધન તન, મન અને ધનથી સતત આદરી, તેની પ્રસન્નતા પ્રાપ્ત કરો. પ્રતિજ્ઞાદેવીને પ્રસન્ન કરવા આત્મભોગ આપો. મૃત્યુનો ડર સદાને માટે તમારાથી વિમુખ રાખો. પ્રતિજ્ઞાના ધ્યાનમાંજ બસ મગ્ન થાઓ.–સ્વપ્રતિજ્ઞાની સિદ્ધિમાંજ એકતા જોડી દો–લીન થઇ જાઓ–પ્રતિજ્ઞા પાળતાં આ જગત્માં છતાં કોઇ દૈવી વિશ્વમાંજ છો અને દૈવી શક્તિયોજ તમારે આધીન છે,

(છપ્પય છંદ)

વચન પાળ તે રાય—બાકી છે રાંડીરાંડો.
વચન પાળ તે રાય—બાકી છે ગયવર ગાંડો
વચન પાળ તે રાય—બાકી છે પંઢ સરીખા
વચન પાળ તે રાય—બાકી છે કાંટા તીખા
વચન પાળે જે કદી તેને નરપીત નવ ગણો
શુળ સમાનજ લાગશે એ સહુને આળખામણો.

પ્રતિજ્ઞા પાળક વીરની શોભા સર્વત્ર પ્રસરે છે. પ્રતિજ્ઞા ખરેખર કીર્તિનું મ્હાલું છે. પ્રતિજ્ઞા વિના કીર્તિની પ્રાપ્તિ થતી નથી. મહાપુરૂષોના પ્રાણ જાય તો પણ તેઓની પ્રતિજ્ઞા ટળતી નથી; પ્રતિજ્ઞાથી પ્રાપ્ત થએલ કીર્તિ આ વિશ્વમાં સૂર્ય કરતાં અધિક છે રવિરાજ તો દિવસના વખતમાંજ પ્રકાશે છે; અને પ્રતિજ્ઞાથી પ્રાપ્ત થયેલી કીર્તિ તો રાત્રિ અને દિવસના વખતમાં પ્રકાશે છે. કીર્તિનું મ્હાલું લેવું હોય તો પ્રતિજ્ઞા પાળવાની ખચીજ આવશ્યકતા છે. રામચન્દ્રે પ્રતિજ્ઞા પાળીને વિશ્વમાં કીર્તિનું મ્હાલું મેળવ્યું હતું તે કયા ભારતવાસીની દૃષ્ટિ બહાર છે? રામ રાજ્ય પિતાની ના છતાં પણ સ્વપિતાનું વિકટ સંકટ ટાળવા અને કૈકેયી માતાની ક્રુર લોભવાસી-અને ભરતને રાજ્યગાદીએ અભિષેક કરવાની લાલસાને તૃપ્ત કરવા બાર વર્ષ વનવાસમાં રહેવાને તૈયાર થયા અને આ સંસાર અસાર છે એમ માની રાજ્યપદને તિલાંજલિ આપી દીધી. ખરેખર રામ તે રામજ હતા-હૃદયમાં રમી રહેલા આત્મારામજ હતા-અરે પરમાત્માની સાથે લીન થએલા રામજ હતા-પિતૃ પ્રેમ કેવો હતો, -તે આજના છેલ્લા જુવાનોમાં ભાગ્યેજ દૃશ્યમાન થાય છે.

સ્વર્ગની કુંચી ખરેખર પ્રતિજ્ઞાજ છે. જેમ તે મુક્તની પ્રતિજ્ઞાપાલનથી સ્વર્ગની કુંચી હસ્તગત થાય છે. પ્રતિજ્ઞા પાળીને અનેક મહાત્માઓ સ્વર્ગપદને પામ્યા છે, તેનાં ગ્રંથોમાં અનેક દૃષ્ટાંતો મોજુદ છે. ગજસુકુમાલ, મેતાર્ય, ભગવાન, રાજસિંહ, રત્નસિંહ વગેરે અનેક મહાપુરૂષો પ્રતિજ્ઞા પાળીને મુક્તિને પામ્યા છે. પ્રતિ-



મતિને અગ્નિસેનને ત્યાં વેચી ! બાળક રોહિત ! તારી શી દશા થશે ! માતા વિના બાળક રહી શકશે શું ? ખરેખર માતૃપ્રેમ અનન્ત રૂપે વત્સલતાપૂર્ણ માતાના હૃદયમાં રહે છે, તે દિવ્ય પ્રેમ સત્યવતી નૃપની પત્નીમાં નહોતો શું ? બાળક રોહિત પણ માતા સાથે વેચાણ થયો; પણ વિશ્વમિત્રની દક્ષિણા પૂર્ણ થઇ નહિ. હા દૈવ ! ઓ ક્રૂર દૈવ ! હજાર મ્હોર પૂરી થઇ નહિ. હે પ્રતાપી નૃપ ! ત્હારી ટેક છોડીને એક વખત અસત્ય ભાષણ કર ' શું સત્યયુગનો પ્રલય થયો. રવિ રશ્મિઓ સ્ફુરણનો બાધ થયો; પ્રલયકાળ આવી પહોંચ્યો શું ? જગત્‌નું ચક્ર ફરતું બંધ થયું ? દેવો પણ શું આ કાળમાં નિદ્રા દેવીને આધીન થયા ? નહિ ! નહિ ! હું મારી તુચ્છ દેહ વેચીને પણ મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરીશ. તે સમયે તેના હૃદયમાં અતિ ઉચ્ચ, ઉત્કૃષ્ટભાવના રહેલી હતી, તેના હૃદયમાં નીચેનો પ્રાચીન શ્લોક રમી રહ્યો હતો.

> लज्जा गुणौघजननी जननीमिव स्वा-
> मन्यन्तशुद्धहृदयमनुवर्तमानाम् ।
> तेजस्विनः सुखमसूनपि संत्यजन्ति.
> सत्यव्रतव्यसनिनो न पुनः प्रतिज्ञाम ॥

હરિશ્ચંદ્રનું હૃદય પ્રફુલ્લિત થયું, ઉલ્લાસમાન થયું, હૃદયનો ગાનતંતુ જાગૃત્ થયો, નિત્યાનિત્યનું સ્વરૂપ પ્રકટ થયું, ધન્ય રાજર્ષીએ આત્મભોગ આપ્યો અને દક્ષિણા પૂર્ણ થઇ. શુ વિશ્વામિત્ર સ્વપ્નનિદ્રા છોડી દેશે ? હરિશ્ચંદ્રની ખરી કસોટીનો વખત આવી પહોંચ્યો. સુવર્ણને અગ્નિમાં નાખવાનો વખત પણ આવ્યો. શું સુવર્ણ બળી ખાખ થશે ? વા પીગળીને રસમય બનશે ? વા અતિ શુદ્ધ સ્વરૂપ ધારણ કરી પ્રેક્ષકનું મનરંજન કરશે ? રોહિતને કાલીનાગ ડસ્યો ને તેની જીવનદોરી તુટી. તારામતિ રોહિતના શબને સ્મશાનમાં લાવીને રોતી રહે છેઃ—

હા બેટા ! હા પ્યારા ! કિસ નીંદોમાં તૂં સોયા !
અય પ્યારા ! મહપારા ! આંખો તો ખોલ !

કૃતિ રૂપ પ્રતિજ્ઞા પર વિશ્વાસ નથી, તેનો આત્મા પર વિશ્વાસ નથી. એટલુંજ નહિ પરંતુ તે આત્માની પરમાત્મ દશા પ્રાપ્ત કરવાને તથા સ્વાસ્તિત્વ સંરક્ષણ કરવાને અધિકારી બની શકતો નથી. આત્મ છાયા રૂપ પ્રતિજ્ઞા પર જેને બહુ માન નથી તેને આત્માપર બહુ માન નથી. પ્રતિજ્ઞા પાલન માટે જે પ્રાણ સમર્પણ કરે છે, તે આત્માની સર્વથા ઉન્નતિ કરે છે, એમ સમજવામાં કિંચિત્ પણ મૃષાવાદ નથી. વિક્રમ રાજાએ પોતાની પ્રતિજ્ઞાઓ પાળવા માટે " પ્રતિજ્ઞા આત્માની છાયા " એ સૂત્રને સારી રીતે આચારમાં મૂકી બતાવ્યું છે. પ્રતિજ્ઞાનું પાલન કરવું એ આત્માનું પાલન તુલ્ય છે, તેથી પ્રતિજ્ઞાને આત્માની છાયા રૂપ સમજીને સન્ત યોગિયો સર્વ વસ્તુઓનો કારણ પ્રસંગે ત્યાગ કરીને પ્રતિજ્ઞા પાલન કરવાને સદા ઉદ્યમી રહે છે " કદાપિ આકાશ પડે, પૃથ્વી ડગે, પરંતુ સન્ત મહાત્માઓનું વચન ચળતું નથી." એમ જે યુક્તિ પ્રચલિત છે, તેનો સાર " પ્રતિજ્ઞા આત્માની છાયા " માં સમાઇ જાય છે, એમ સમજીને પ્રતિજ્ઞા પાળવામાં કદાપિ પાછી પાની ન કરવી જોઇએ. જે સ્વાત્મછાયારૂપ પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થાય છે તે સર્વ ધર્મથી ભ્રષ્ટ થાય છે, એવું જાણી આત્મિક શક્તિયો ખીલવવાને સત્ય હરિશ્ચંદ્રની પેઠે પ્રતિજ્ઞાપાલક બનવું જોઇએ

પ્રતિજ્ઞા ભ્રષ્ટ થઇ જગમાં-જીવ્યા તો શું ! મર્યા તો શું ?
પ્રતિજ્ઞા પાળીને સુખા-રહ્યા એ જીવતા જગમાં. ૪

મનુષ્યો અનેક વખત પ્રતિજ્ઞાઓ લે છે અને ભંગ પણ કરે છે. લીધેલી પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયા પછી તેઓ જીવે છે ખરા પણ મૃતવત્ જેવાજ છે. પોતાની પ્રતિજ્ઞાપૂર્ણ કરીને જે આત્માઓ આ ફાનિ દુનિયા ત્યજીને ચાલ્યા ગયા છે તોપણ જગતમાં તેમની જીવન-જ્યોતિ ચિરસ્થાયી પ્રકાશમાન રહેલી છે. મનુષ્યો. ફરતાં, ફરતાં પ્રતિજ્ઞાઓ લે છે, વચન આપે છે, કોલ કરાર કરે છે-પણ અફસોસની બીના છે કે તેઓ શું કરે છે ! તેનું તે વખતે તેઓને ભાગ્યેજ ભાન રહે છે. કાર્ય કરતાં પહેલાં દીર્ઘ દ્રષ્ટિ વાપરવી જોઇએ. નીતિશતકમાં કહેલું છે કે,

એક શેઠને એક પુત્ર હતો. તે મહા જુગારી, અસત્યવાદી હતો તેના પિતાએ મરતી વખતે પોતાના પુત્રને અસત્ય ભાષણ નહિ કરવુ એવી પ્રતિજ્ઞા કરાવી. પેલો જુગારી એક સમય રાજાનો ભંડાર ફાડવાને નીકળ્યો. રાજાએ તેને માર્ગમાં પુછયુ કે તુ ક્યાં જાય છે ? ત્યારે તેણે સત્ય વાત નિવેદન કરી. રાજાએ તેને ખોટો ધારીને જવા દીધો. ચોરી કરીને પેલો જુગારી પાછો ફર્યો ત્યારે નગરચર્યા જોઇને પાછા ફરતાં રાજાએ પુછયું તું કોણ છે ? શું લઇ જાય છે ? તું ક્યાં રહે છે ? તેણે પૂર્વની માફક કહ્યું ! મારૂં નામ પ્રતિજ્ઞાલાલ છે. મેં રત્નની પાંચ પેટીઓ ચોરી છે. હુ મધ્યપેઠમા રહુ છું બીજા દિવસે રાજાના ભંડારીએ દશ પેટીની ચોરી થઇ એવી બીના જાહેર કરી રાજાએ ભંડારીનુ કપટ જાણ્યું. પછી પ્રતિજ્ઞાલાલને બોલાવ્યો-અને સત્ય વાત જાહેર કરી બીજી પાંચ પેટીઓ ભંડારીના ઘરમાંથી નીકળી. રાજાએ, ભંડારીને પદવી ઉપરથી દૂર કર્યો અને પ્રતિજ્ઞાલાલને ભંડારી બનાવ્યો. કારણ કે રાજાએ જાણ્યું કે આ મનુષ્ય કદાપિ અસત્ય ભાષણ કરશે નહિ પ્રતિજ્ઞા પાળવાથી અતિ ઉચ્ચ પદ પ્રાપ્ત કરી શકાય છે

કરી સ્વાર્પણ પુનઃ પાછું, લઇશ ના જેહ આપેલું;
પ્રતિજ્ઞાના ખરા ટેકી, અગંધન નાગના જેવા. ૫

હે ભવ્ય મનુષ્ય પ્રતિજ્ઞા પાળવામા તુ પરિપૂર્ણ સાવધ થા. હે પ્રતિજ્ઞાથી કોઇને સ્વાર્પણ કર્યુ હોય તો તે પુનઃ પાછુ ગ્રહણ નહિ. અહંતા અને મમતાનો ત્યાગ કર્યા વિના કોઇ પણ મનુષ્યથી વા જગતના પ્રાણીથી સ્વાર્પણ કરી શકાતું નથી. જ્યારે જનક રાજાની સભામાં અષ્ટાવક્ર ગયા હતા ત્યારે અષ્ટાવક્રને અનેક પ્રશ્નો પુછ્યા હતા. પછી તુ જનકરાજા સંતોષ પામીને તેમને દક્ષિણા આપવાને તત્પર થયા. અષ્ટાવક્રે જનકરાજાનું “ મન ” દક્ષિણામાં માગ્યું. જનકરાજાએ પ્રતિજ્ઞાપૂર્વક તેમને સમર્પણ કર્યું. પશ્ચાત્ જનકનૃપે કોષાધ્યક્ષને સુવર્ણ નિષ્કો આપવાને આજ્ઞા કરી ત્યારે બ્રહ્મચારી, તેજસ્વી, જીતેન્દ્રિય અષ્ટાવક્રે જનકને ઉદ્દેશીને કહ્યું કે હે “.

એક શેઠને એક પુત્ર હતો. તે મહા જુગારી, અસત્ય
તેના પિતાએ મરતી વખતે પોતાના પુત્રને અસત્ય ભાષણ ન
એવી પ્રતિજ્ઞા કરાવી. પેલો જુગારી એક સમય રાજાનો ભંડાર
નીકળ્યો. રાજાએ તેને માર્ગમાં પુછ્યું કે તું ક્યાં જાય છે? ત
સત્ય વાત નિવેદન કરી. રાજાએ તેને ગાંડો ધારીને જવા દીધો
કરીને પેલો જુગારી પાછો ફર્યો ત્યારે નગરચર્યા જોઇને પાછ
રાજાએ પુછ્યું તું કોણ છે? શું લઇ જાય છે? તું ક્યાં રહે છે
પૂર્વની માફક કહ્યું! મારૂં નામ પ્રતિજ્ઞાલાલ છે. મેં રત્નની પાંચ
ચોરી છે. હું મધ્યચોકમાં રહું છું. બીજા દિવસે રાજાના ભં
દશ પેટીની ચોરી થઇ એવી લીના જાહેર કરી. રાજાએ ભંડારીનું
જાણ્યું. પછી પ્રતિજ્ઞાલાલને બોલાવ્યો—અને સત્ય વાત ગ્રહણ
બીજી પાંચ પેટીઓ ભંડારીના ઘરમાંથી નીકળી. રાજાએ, ભંડા
પદવી ઉપરથી ભ્રષ્ટ કર્યો અને પ્રતિજ્ઞાલાલને ભંડારી બનાવ્યો. ક
કે રાજાએ જાણ્યું કે આ મનુષ્ય કદાપિ અસત્ય ભાષણ કરશે ન
પ્રતિજ્ઞા પાળવાથી અતિ ઉચ્ચ પદ પ્રાપ્ત કરી શકાય છે.

કરી સ્વાર્પણ પુનઃ પાછું, હઠીલા ના જોઇ આપેલું;
પ્રતિજ્ઞાના ખરા ટેકી, અગંધન નાગના જેવા.

હે ભવ્ય મનુષ્ય પ્રતિજ્ઞા પાળવામાં તું પરિપૂર્ણ લક્ષ્ય દે. [illegible]
પ્રતિજ્ઞાથી કોઇને સ્વાર્પણ કર્યું હોય તો તે પુનઃ પાછું લઇ શકાતું નહિ
અહંતા અને મમતાનો ત્યાગ કર્યા વિના કોઇ પણ મનુષ્યથી [illegible]
જગત્ના પ્રાણીઓને સ્વાર્પણ કરી શકાતું નથી. જ્યારે જનક રાજાની
સભામાં અષ્ટાવક્ર ગયા હતા ત્યારે અષ્ટાવક્રને અનેક [illegible] ઉત્પન્ન
[illegible] પરંતુ જનકરાજા સંતોષ પામીને તેમને દક્ષિણા આપવાને
તત્પર થયા. અષ્ટાવક્રે જનકરાજાનું "મન" દક્ષિણામાં માગ્યું. જન-
કરાજાએ પ્રતિજ્ઞાપૂર્વક તેમને સમર્પણ કર્યું. પરંતુ જનકરૂપે [illegible]
[illegible] નિંદા [illegible] આપવાને [illegible] કર્યું ત્યારે [illegible]
[illegible] જીતેન્દ્રિય અષ્ટાવક્રે જનકને [illegible]

તેમના મૃત્યુનો ત્યારા થાય તો પણ તેઓ ટેક–પ્રતિજ્ઞાના શબ્દોને પાછા ખેંચી લેતા નથી; અર્થાત્ પ્રતિજ્ઞાથી પતિત થતા નથી. અગંધન નાગના જેવા પ્રતિજ્ઞા પાળકો આ વિશ્વમાં પોતાનું નામ અમર કરવા શક્તિમાન થાય છે જેણે પ્રતિજ્ઞા કરીને પોતાનું સર્વસ્વ અન્યને સોંપ્યું અને પશ્ચાત્ તેને ગમે તેવાં દુઃખો આવી પડે છે ત્હોયે તે આપેલી પ્રતિજ્ઞાને પાછી ખેંચી લેતો નથી. તે કસોટીના પ્રસંગે મૃત્યુને પ્રિયબંધુ સમાન ગણે છે. પરંતુ ટેક આપીને જે પ્રમાણે વર્તવાનું ધાર્યું હોય છે તેનાથી વિમુખ થતા નથી. ટેક અમર પ્રતિજ્ઞા કરીને તે પ્રમાણે વર્તવામાં ખરેખરો આત્મભોગ આપવો પડે છે મહાદેવની પેઠે અમૃતનો ત્યાગ કરીને વિષનું પાન કરવું પડે છે. अद्यापि नोज्झति हरः किल कालकूटम्। અનેક ઇષ્ટ પ્રસંગોને ત્યાગીને અનિષ્ટ પ્રસંગો સ્વીકારવા પડે છે દુનિયામાં હતા ન હતા જેવું થવું પડે છે પરંતુ લીધેલી પ્રતિજ્ઞા પ્રમાણે વર્તવું પડે છે. અને ઉચ્ચારેલા વચનોને પુનઃ પાન કરવાની અશક્તતાને વિસ્મરણ કરવી પડે છે. ચાણાક્યે જે પ્રતિજ્ઞા કરી હતી તે પ્રમાણે તેણે પ્રવૃત્તિ કરી હતી.

> समुत्खाता नन्दा नव हृदयशल्या इव भुवः,
> कृता मौर्ये लक्ष्मीः सरसि नलिनीव स्थिरपदा।
> द्वयोः सारं तुल्यं द्वितयमभियुक्तेन मनसा
> फलं कोपप्रीत्योर्द्विषति च विभक्तं सुहृदि च ॥
>
> (मुद्राराक्षस)

પોતાની પ્રતિજ્ઞા પાળવા માટે તેણે અનેક યુક્તિયો કામે લગાડી હતી. પ્રતિજ્ઞા પાલન ધર્મને તેણે સર્વોત્તમ ધર્મ તરીકે સ્વીકાર્યો હતો તેથી તે રાજ્ય પરિવર્તન કરવા સમર્થ થયો. હતો. ચાણાક્ય અગંધન નાગના જેવો હતો. તેણે મૃત્યુને પ્રિય ગણ્યું હતું. પરંતુ પ્રતિજ્ઞાના શબ્દોને પાછા ગળ્યા નહોતા. તેથી તે ઇતિહાસના પાને અમર થઇ ગયો છે. ચાણાક્ય પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ પાળીનેજ સ્વસ્થ બેઠો હતો.

પ્રતિજ્ઞાનું દિવ્ય જીવન દર્શાવે છે.

મૂળ.

પ્રતિજ્ઞા છે ચિતા જેવી, જીવંતાં ભસ્મ થાવાનું;
અહો એ ભસ્મમાંહિથી, જીવીને દેવ થાવાનું. ૬

પ્રતિજ્ઞા ચિતાના જેવી છે. પ્રતિજ્ઞારૂપ ચિતામાં જીવતાં છતાં બળીને ભસ્મ થવું પડે છે. પશ્ચાત્ પ્રતિજ્ઞાપાલન રૂપ ભસ્મમાંથી પુનરૂજ્જીવન ગ્રહીને દેવ થવાય છે. પ્રતિજ્ઞારૂપ ચિતામાં આત્માને હોમ્યા વિના કોઇ મનુષ્ય દેવ બની શકતો નથી. ધગધગતી ચિતામાં બળીને ભસ્મ થવું એવું જેના મનમાં હોય તેણે પ્રતિજ્ઞારૂપ ચિતાને ગ્રહણ કરવી જોઇએ. ચિતામાં બળીને જેટલું દુઃખ સહન કરવું પડે છે તેટલુંજ દુઃખ ખરેખર કોઇ જાતની પ્રતિજ્ઞા પાળતાં સહન કરવું પડે છે, અને પશ્ચાત્ કોઈ દિવ્યરૂપ નવું જીવન ગ્રહણ કરવું પડે છે. ઇંગ્લાંડની રાણી મેરી પહેલાના વખતમાં પ્રોટેસ્ટન્ટ ધર્મને માટે લેટીમર અને રીડલી નામના બે ધર્માચાર્યોને જીવતા ચિતામાં બાળી નાખવામાં આવ્યા હતા. તેઓએ ફક્ત પોતાની પ્રતિજ્ઞાની ખાતર એક બીજાને બાઝીને, એક સ્વર પણ ઉચ્ચાર્યા વિના આનંદ સાથે ધર્મની ખાતર જીવનની આહૂતિ આપી હતી. કિન્તુ એક અંશ માત્ર પણ સ્વપ્રતિજ્ઞામાંથી ડગ્યા નહતા. આ નવા યુગમાં જો કે તેઓનું શરીર નાશ પામેલું છે તથાપિ તેઓ ઇતિહાસના પાને નવો અવતાર ધારણ કરીને કીર્તિરૂપ દેવીની માળા સ્વકંઠે આરોપણ કરી બીરાજે છે.

પ્રતિજ્ઞા પાલક ચિતામાં બળીને ભસ્મ થયા પશ્ચાત્ દેવાવતાર લેવા બરોબર પ્રતિજ્ઞાપાલન રૂપ કર્તવ્ય પ્રવૃત્તિ કરે છે. ઉત્તમ સાહસિક પુરૂષ વિના પ્રતિજ્ઞારૂપ ચિતામાં બળી ભસ્મસાત્ થઇ, અન્ય દેવાંશી જીવન ગ્રહી શકાતું નથી. અમુક જાતના વિચારના આવેશમાં આવીને પ્રતિજ્ઞા

અગ્નિ શિખામાં સ્વતુચ્છ દેહને હોમી દીધો—પૂર્ણાહુતિ આપી, પ્રતિજ્ઞાએ ભીમસિંહમાં અનંતબળની પ્રેરણા કરીને અલાઉદ્દીનની પદ્મિનીને પરણવાની આશાને કાચા તાંતણાની માફક નષ્ટ કરી નાખી. અલાઉદ્દીન ચિતોડનો ધ્વંસ કરીને તેમાં પેઠો પણ પછી તેને ચિતોડ સ્મશાન તુલ્ય લાગ્યું, ત્યારે નાસીપાસ થઈને તે નિચેની ગઝલ ગાવા લાગ્યો.

આયે થે ગુલ્કે વાસ્તે બસ ખાર લે ચલે
હિજરાકા પદ્મિનીકે યહ આઝાર લે ચલે— ૧

... ...

ઇસ હવ ઝીંદગી કે લીયે—હાય ક્યા કીયા
જખ્મી બનાકે હાથોંકો—નાચાર લે ચલે— ૩

... ...

બસ્તે પદ્મકી દિલમેં—નિહાયતથી આરઝૂ
બદલે ખુશીકે હસરતે—દિદાર લે ચલે— ૫

... ...

ફિર ઝીંદગી પેં લાહૂર યહ—વીરાના કર દીયા
અફસોસ બાજ કેલ્લેકા એ હાર લે ચલે— ૭

ઉપરોક્ત શબ્દથી આપણને એટલું માલુમ પડે છે કે અલાઉદ્દીન જેવા ક્રૂર, સાહસને પણ ચિતોડની દશા જોવાથી આ ક્ષણભંગુર દેહ છે એવી પ્રતીતિ થઈ હતી. સતી સ્ત્રીઓનાં જીવન ખરેખર મનુષ્યનાં હૃદયપટ ઉપર ઘણીજ સારી છાપ પાડી શકે છે. તેઓનું જીવન એક શૂરવીર યોદ્ધાના જીવનને પણ પાછું મૂકી દે છે. શરીરાદિ સુખો ક્ષણિક છે તેના મોહથી મુંઝાઈને અનંતીવાર જીવો મૃત્યુના વશ થયા પરંતુ પ્રતિજ્ઞા પાલન માટે જેઓએ પ્રાણાહુતિ આપી તેવા પુરૂષો જગતમાં વિખ્યાત થઇ ગયા છે. સર્વ જીવજંતુને એક દિવસ મૃત્યુ વશ થવાનું છે; પરંતુ પ્રતિજ્ઞારૂપ ચિતામાં બળીને પશ્ચાત પુનર્જીવન પ્રાપ્ત કરીને અમર થવાનું હોય છે તે દાખલે મરીને પ્રતિજ્ઞા પાલનમાં ઉત્તમ પુરૂષોની માફક આપણે બનવું જોઈએ:

[illegible]

વિવેચન [illegible]

[illegible] પાતકી બને છે [illegible] આવે—કે છ વાત [illegible] ક્રોધ, દ્વેષ, ઇર્ષ્યા, [illegible] આવે તો પશ્ચાત્ [illegible]

[illegible] અને બીજીનું [illegible] પામે [illegible] તેથી આત્માની [illegible] તેથી [illegible] કહેલ ની પ્રતિજ્ઞા [illegible] એ [illegible] વિશેષ [illegible] કેન્દ્રથી [illegible]

એક કાગડો નિત્ય કાઉ, કાઉ કરતો હતો, તેથી પાદશાહને ઘણીજ ચીડ ચડતી હતી. પાદશાહે નોકરને તરવાર લાવવા હુકમ કર્યો. પેલો નોકર તરવાર આપે તે પહેલાં ચતુર કાગડો ઉડી ગયો. આ પ્રમાણે નિત્ય બનવા લાગ્યું. બાદશાહે એક વખત નોકરને કહ્યું કે જ્યારે હું તરવાર માગું ત્યારે મને બંદુક આપવી. નિત્યનિયમાનુસાર કાગડો બેસીને રાજાને ચીડવવા લાગ્યો. બાદશાહે તરવાર માંગી-તેથી કાગડો તરવારના વચનથી ઉડ્યો નહિ. બાદશાહે બંદુકનો બાર કરીને કાગડાના પ્રાણ લીધા. કાગડો પૃથ્વી ઉપર તરફડવા લાગ્યો ત્યારે પાદશાહે તેને કહ્યું કેવું કેવો મર્યો ? કાગડાએ તેના ઉત્તરમાં કહ્યું કે હે પાદશાહ ! જરા વિચાર કર; હું મર્યો નથી પણ તું મર્યો છે. કારણ કે ત્હે વિશ્વાસઘાત કરીને વચન પાળ્યું નથી. વચન પાલટવાથી તું બાયલો નામર્દ બન્યો છે, માટે તુંજ મર્યો છે. કારણ કે જે વચન પાલટે છે તે મરેલો છે. પાદશાહ કાકની વાણીથી પશ્ચાત્તાપ કરવા લાગ્યો. ઉપરોક્ત દૃષ્ટાંતથી સાર એ લેવાનો છે કે જેઓ પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થાય છે તેઓ મરેલાજ છે-નામર્દ છે-જેઓ પ્રતિજ્ઞા પાળવામાં શૂરા છે તેઓજ પ્રમાણિક છે; ખરેખરા મર્દ છે. પ્રતિજ્ઞા પાલક મનુષ્ય યશઃકીર્તિ પ્રતિષ્ઠાને પામે છે. પ્રતિજ્ઞા પાલકને આખું વિશ્વ પૂજે છે માટે મનુષ્યોએ પ્રતિજ્ઞા પાળીને મર્દ બનવું જોઇએ, અને બીકૂ-બાયલા વેશ નિકાલ કરવો જોઇએ, કે જેથી સ્વર્ગમાં દેવીઓ વિજય પત્રકને કરમાં આરોપે. લક્ષ્મીને વિજયથી હમેશા ભેટવાને તત્પર રહે-એવી રીતે તેઓએ પ્રતિજ્ઞા પાળવી જોઇએ. ભર્તૃહરિએ નીતિ શતકમાં કહેલું છે કે—

> स्पृहयति भुजयोरन्तरमाय कृपाणकरपणार्दिर्गनिव ।
> विजयश्रीर्विरितानां, च्युतसं सौजन्यनिरत ॥

આત્મા અમર છે. પુનર્જન્મમાં પ્રતિજ્ઞા પાલક ઉચ્ચ જીવનને પ્રાપ્ત કરે છે. માટે નામર્દાઇનો ત્યાગ કરીને પ્રતિજ્ઞા પાળવામાં શૂરા, વીરવન, સાહસિક, ધૈર્યવન્ બનવું જોઇએ.

પ્રતિજ્ઞાભ્રષ્ટની સ્થિતિ.

[illegible] વચન આપી-ફરે તે ફોગટીઓ છે.
[illegible] નિજનુ,-થતો હડધૂત જગમાંહિ

[illegible] વચન- [illegible] પણ મનુષ્ય કોઇને કોઇ પણ બાબ
[illegible] ફરે છે તે ફોગટીઓ અર્થાત્ નકામો છે. [illegible]
[illegible] મુખ કાળું કરીને વિશ્વમાં હડધૂત થાય
[illegible] જનાર ફોગટીઓ મનુષ્ય સ્વમુખને [illegible]
[illegible] પણ પશ્ચાત્ કોઇ પણ સ્થાને તે માન પા[illegible]
[illegible] કરે છે: તેના બોલ ઉપર વા તેવું કરે
[illegible] વિશ્વાસ આવતો નથી. તે સ્વકર્યું સ્વાપમ
[illegible] કરે છે. અને તેનું પરિણામ એ આવે
[illegible] થતોજ જણાય છે. પ્રતિજ્ઞા એજ મનુષ્ય
[illegible] પતિત મનુષ્ય જગતમાં હડધૂત થાય છે, એ
[illegible] અને ભય વિગેરેથી ઘણા મનુષ્યો વચન [illegible]
[illegible] પ્રતિજ્ઞાથી કદાપિ જે મનુષ્યો ભ્રષ્ટ નથી થ[illegible]
[illegible] જગતમાં જ્યાં ત્યાં ફરી શકે છે. આપે
[illegible] જ્યાં ત્યાં સન્માન, આદરસત્કાર વિગેરે માન
[illegible] અને નીચ દશામાંથી વિમુક્ત થઇને ઉચ્ચ
[illegible] મનુષ્ય વણજારો થઇ ગુજ[illegible]
[illegible] અમદાવાદમાં આવી ચડયો. તે[illegible]
[illegible] પડી. તેની પાસે કોઇ પણ વસ્તુ [illegible]
[illegible] કરીને ત્યાં આગળ નહીં જઇ શકે. તે[illegible]
[illegible] હજારની માંગણી કરી, અને
[illegible] તેડીને આવ્યો. શાહુકાર વણજ[illegible]
[illegible] છે, ત્યારે [illegible]
[illegible] છે. એ પર વિશ્વાસ

રાખી પાંચ હજાર રૂપીઆ આપ્યા. આજના અવિશ્વાસી જમાનામાં તો જો કોઇ ઓળખીતો હોય તે પણ જરૂરીયાતના વખતે અન્ય બંધુને મદદ તો ન કરે પણ વીકો આપતો હોય તેને પણ ન આપવાની સલાહ આપે છે. શું આ તે સમાજસુધારો ? વા રાષ્ટ્રસુધારો, વા દેશ ભક્તિ વા રાજભક્તિ વા પ્રેમ ભક્તિ ! કોઇ પણ મનુષ્ય કહી શકશે ખરો કે ? આ જમાનો અવિશ્વાસથી ભરપૂર નથી. જે મનુષ્યો વચન આપીને પોતાની પ્રતિજ્ઞા સંપૂર્ણ રીતે પાળે છે તેઓજ ખરા વિશ્વાસને પાત્ર થાય છે અને તેઓ પ્રમાણિકતાને સ્વહૃદયમાં સ્થાન આપે છે. ઇતિહાસનાં પાનાં ઉથલાવતાં માલમ પડશે કે અનેક મનુષ્યોએ પ્રતિજ્ઞા ભંગ કર્યો છે. પૃથ્વીરાજને સાતમી લડાઇમાં પરાજય કરનાર શાહાબુદ્દીન ઘોરીને પૃથ્વીરાજે છ છ વખત પરાજય પમાડી હિંદુસ્થાન બહાર અફઘાનિસ્તાનમાં કાઢી મુકયો હતો એટલુંજ નહિ પણ પકડીને અભયદાન આપ્યું હતું અને ફરીથી હિંદુસ્થાન ઉપર આક્રમણ નહિ કરવાની પ્રતિજ્ઞા કરાવી હતી, છતાં શાહાબુદ્દીન ચડી આવ્યો. વિશ્વાસી પૃથ્વીરાજ તો મણ લોહની બેડીઓમાં જકડાયો અને પ્રતિજ્ઞા ભાંગનાર શાહાબુદ્દીન દિલ્હી તખ્તનશીન થયો, પણ શું શાહાબુદ્દીન પ્રભુ તરફથી અમરપટો લઇને આવ્યો હતો ? તેનું પણ પૃથ્વીરાજનાજ તીરથી શીર્ષભંજન થયું અને અંતને માટે દુર્ગતિમાં ગયો—નામોશી લેતો ગયો—તથા પાક પરવરદિગારને ગુસ્સે કરતો ગયો—શાહાબુદ્દીન તો ગયો પણ તેની નામોશી ઇતિહાસના પાને હજી પણ પુકારતી રહી ગઇ છે. ઔરંગઝેબે શિવાજી મહારાજને દરબારમાં મુલાકાત લઇ પાછો વિદાય કરવાનું વચન આપ્યું હતું. બહાદૂર શિવાજી દરબારમાં ગયો—કેદી બન્યો; પણ—ક્રૂર, વિશ્વાસઘાતક ઔરંગઝેબને થાપ આપી પોતાની વિમુક્તિ કરી. ઔરંગઝેબના શીરે કાળી ટીલી—નામોશી—બેનશીબી રહી ગઇ, પોતાના હસ્તે વચન આપીને જે ફરી જાય છે. તે આ વિશ્વમાં નામર્દ છે, અર્થાત્ જીવનને માટે લાયક નથી. પ્રતિજ્ઞાભંગ પાતક કરતાં પણ હલકો છે. વચન આપીને ફરી જનાર મનુષ્યો



[illegible]

જે મનુષ્યો પ્રતિજ્ઞા પાલનરૂપ મહત્વની [illegible] ... [illegible]

વહેલા વોહ સુખમાંહી. કદા પાછા નહી પેસે:
ખરેખર શૂરવીરોના. જગતમાં દેખયો જ્યાં ત્યાં. [illegible]

વિવેચન— [illegible]

પાલનમ જે [illegible] ત નથી
[illegible]
[illegible]. પણ
શુભ છે [illegible] સમ
થતા નથ

कमठकुलाचल दिग्गजफणिपति [illegible] चलति [illegible] वसुधेयम् ।
प्रतिपन्नममलमनसां न चलति पुंसां युगान्तेऽपि ।

[illegible]

વસુધા કચ્છપ [illegible] કુલાચલ [illegible]
ગજો અને શેષનાગથી પૃથ્વી ધારણ કરાય છે [illegible] થાય
છે કિંતુ [illegible] પણ
ચલાયમાન થતું નથી-પ્રતિજ્ઞા [illegible] છે

દશરથ રાજાએ કૈકેયીને વચનથી વર આપ્યો. [illegible] રામને
અયોધ્યાની ગાદી પર જે દિવસે બેસવાનું હતું [illegible] કૈકેયીએ
દશરથ પાસે રામને રાજ્યાભિષેક ન કરવાની અને વનવાસ મોકલવાને
પ્રતિજ્ઞા પ્રમાણે વર માગ્યો. કૈકેયીની અશુભ માગણીથી દશરથ નૃપ
વારંવાર મૂર્છાવશ થયા. દશરથ મહાવીર હતા. દશરથ રાજાએ રામને
[illegible] પાળવા માટે આજ્ઞા કરી. રામે બાર વર્ષ વનવાસ
લોગવ્યો. આપણે દશરથ ભૂપાલના આપેલા વચનનો વિચાર કરવો
જોઈએ. સ્વવચન પાળવા માટે પ્રાણાધિક પ્રિય પુત્રને વનવાસની આજ્ઞા
કરવી પડી. અહાહા ! કેવી તેમની પ્રતિજ્ઞા ! દશરથ જેવા મહા પુરૂષો
પોતાના બોલોને પાછા મુખમાં પેસવા દેતા નથી. શૂરવીરોનાં વચનો
ભૂતકાળમાં પાછાં પેઠાં નથી, આ કાળમાં પણ પેસતાં નથી અને ભવિ-
ષ્યમાં પણ પેસશે નહિ. દશરથ જેવા પ્રતિજ્ઞા પાળકના ગૃહે રામ
જેવા મહા પુરૂષોત્તમ પુરૂષનો અવતાર થાય તેમાં કંઇ આશ્ચર્ય જેવું
નથી. પ્રતિજ્ઞા પાળક શૂરવીરોથીજ આ જગતનું સૂત્ર ચાલી રહ્યું છે.
ધનાદિક સર્વ વસ્તુની પ્રાપ્તિ થાય છે; પરંતુ ઉચ્ચારેલા બોલો પાછા

આવતા નથી. પ્રતિજ્ઞા પાલન ધર્મની જેટલી સ્તુતિ કરીએ
ન્યૂન છે અનેક શૂરવીર પુરૂષોએ કરેલી પ્રતિજ્ઞાઓ પાળીને
સ્વનામને અમર કર્યું છે. એવું જાણીને નિશ્ચય પૂર્વક વચન
પાળવામાં સદા ધૈર્યથી તત્પર થવું જોઇએ.

પ્રતિજ્ઞા પાલકની અમરતા.

અમર દેહો નથી રહેતાં,-અમર મ્હેલો નથી રહેતા.
પ્રતિજ્ઞા પાળકો જગમાં-અમર રહેતા સદા નામે—૧

આ વિશ્વમાં જીવોના સદાને માટે અમર દેહો રહેતાં નથી, અ
તેમજ કોઈના અમર મહેલો રહેતા નથી. પ્રતિપાળક મનુષ્યો
નામથી અમર રહે છે. જે જે વસ્તુઓની ક્ષણિકતા છે તેનો મોહ ધારણ
કરીને શા માટે પ્રતિજ્ઞા પાલન ગુણથી ભ્રષ્ટ થવું જોઇએ ? પ્રતિજ્ઞા
પાલન ગુણથી કીર્તિ, પ્રતિષ્ઠા અને ગુણાદિની પ્રાપ્તિથી આ વિશ્વમાં
અમર રહી શકાય છે. પ્રતિજ્ઞા પાળવી એ કંઈ નાની સૂની વાત નથી
હજારો મનુષ્યો પ્રતિજ્ઞા લે છે. પરંતુ તેમાંથી એક બે ખરેખરી રીતે
ળી શકે છે.ભગતીયા તેલની પેઠે પ્રતિજ્ઞા પાળવી દુષ્કર છે.વિશ્વાસ-
ાતી, દેશદ્રોહી, ગુરૂદ્રોહી, આત્મદ્રોહી અને મિત્રદ્રોહી મનુષ્ય ખરેખરી
તિજ્ઞા પાળવાને શક્તિમાન્ થતો નથી; સ્વાર્થી મનુષ્ય પ્રતિજ્ઞા પાળ
ને દૃઢ થતો નથી. બાહ્ય પદાર્થોમાં અત્યંત આસક્ત મનુષ્ય પ્રતિજ્ઞાથી
મુખ રહેવાને હંમેશાં શક્તિમાન્ થાય છે. જેને શરીર પર અત્યંત
છે, એવો મનુષ્ય પ્રતિજ્ઞા પાળવાને શક્તિમાન્ થતો નથી ક્ષણમાં
થનાર અને ક્ષણમાં તુષ્ટ થનાર મનુષ્ય પ્રતિજ્ઞા દેવીનું આરાધન
શકતો નથી. અવિશ્વાસ, અધૈર્યવાન્ મનુષ્ય પ્રતિજ્ઞા પાળવાને
તવાન હોતો નથી. અન્ય મનુષ્યના ઉપર આધાર રાખ...

મનુષ્ય પ્રતિજ્ઞા પાળવાને શક્તિમાન્ થતો નથી. અનેક જાતની વા
નાઓથી દીન બનેલ મનુષ્ય પ્રમાદી બનવાથી પ્રતિજ્ઞા પાળવાને શક્તિ
માન્ થતો નથી. જેને પોતાના આત્માની કિંમત નથી અને અન્યો
અભિપ્રાયો પર આધાર રાખે છે તે અનિશ્ચયાત્મા પ્રતિજ્ઞા પાળવા
શક્તિમાન્ થતો નથી. આ ભવમાં જે કંઇ છે તે છે એવો નાસ્તિક મનુ
પ્રાયઃ પ્રતિજ્ઞા પાળવાને શક્તિ ધરાવી શકતો નથી. મનુષ્યોએ પ્રતિ
ગુણનું પાલન થઇ શકે એવા ગુણો મેળવીને પ્રતિજ્ઞા દેવીના ભક
બનવું જોઇએ. સર્યયશા રાજાએ પ્રતિજ્ઞા પાલન કરવા માટે પોતા
પત્નીને પ્રાણાર્પણ કરવામાં કિંચિત્ ન્યૂનતા પણ રાખી ન હતી; તેર
તેમના પર દેવતા પ્રતિજ્ઞા દેવી પ્રસન્ન થઇ હતી. મેઘરથ નૃપે પારેવાને
જીવ બચાવવાને; તેને શરણે રાખ્યું હતું અને પોતાનું શરીર કાપી
સિચાણને આપવાને તત્પર થયો, તેથી પ્રતિજ્ઞાપાલક મેઘરથ રાજા
ઉપર દેવતા તુષ્ટમાન થયા હતા. એ પ્રમાણે પ્રતિજ્ઞા પાલન ગુણ ઉપ
અનેક મહા પુરૂષોનાં દૃષ્ટાન્તો છે. અનેક પ્રતિજ્ઞાપાલકો પોતાન
નામથી અમર થયા, થાય છે અને ભવિષ્યમાં થશે એવું જાણી
પ્રતિજ્ઞા પાળવામાં સ્વાર્પણ કરવામાં કદાપિ પાછા ન પડવું જોઇએ.

પ્રતિજ્ઞાપાલકની કીર્તિ.

પ્રતિજ્ઞા પાળનારાની-જગત્‌માં જીવતી કીર્તિ,
ભલે હો રંક વા રાજા-જીવન્તા શાસ્રના પાને—૧૨

પ્રતિજ્ઞા પાલકની વિશ્વમાં જીવતી કીર્તિ રહે છે. પ્રતિજ્ઞાપાલક રંક હોય વા રાજા હોય પરંતુ તે શાસ્ત્રના પાને જીવતા રહે છે. અહાહા ! પ્રતિજ્ઞાપાલકોને ધન્ય છે કારણ કે તેઓનાં શરીર નષ્ટ થયા છતાં તેઓની કીર્તિ તો જીવતી રહે છે પ્રતિજ્ઞાપાલકની કીર્તિ અમર રહે છે. હીજડા, મુશ્કમતખોર, પાલકુસહીના, પાપબુદ્ધિવાળા મનુષ્યો પ્રતિજ્ઞા પાળી શકતા નથી. હજારોવાર લાભાલાભનો વિચાર કરીને કોઈપણ પ્રતિજ્ઞા કરવી. આખી દુનિયા અગડંબગડં સમજાવીને બુદ્ધિ ફેરવવા માગે તથાપિ સ્થિરતાથી ભ્રષ્ટ થઈ કદાપિ પ્રતિજ્ઞા ભ્રષ્ટ થવું જોઈએ નહિ. ગમે તે વાતની પ્રતિજ્ઞા પાળવાથી આત્મશક્તિ ખીલે છે, અને આત્મામાં પરમાત્મ પ્રભુનો અનુભવ આવે છે. બુદ્ધિવાદના કરતાં હૃદય વાદની પ્રતિજ્ઞા અત્યુત્તમ, અત્યુત્કૃષ્ટ અને અત્યંત સાત્વિક હોય છે. પ્રતિજ્ઞાનું પાલન કરવાથી કાયરપણું નષ્ટ થાય છે, અને વિશ્વ પ્રતિ અનેક પ્રકારના ઉપકારો કરી શકાય છે. પ્રતિજ્ઞા પાલકમાં વીર્યની સ્ફુરણા થાય છે, અને તેથી તે ગમમયતા ની પેઠે પરોપકારાર્થે આત્મભોગ આપીને પ્રતિજ્ઞાયુક્ત કર્તવ્યનું આચરણ કરી શકે છે, તેથી તે કીર્તિ કમળાની પ્રાપ્તિની સાથે ઇતિહાસના પાને જીવતી રહે એમાં કાંઈ આશ્ચર્ય નથી.

પ્રિય વાચકો ! તમો જો તમારી જીવનદોરીને પવિત્ર, ઉચ્ચ અને પરોપકારી બનાવવા ઇચ્છતા હોય તો તમો પ્રથમ નાની નાની પ્રતિજ્ઞાઓ કરીને તેઓને પાળવામાં પ્રવૃત્તિ કરો, પશ્ચાત્ પ્રતિજ્ઞા પાલકનું મહત્વ અને તેની કીર્તિનો ખ્યાલ તમને આવશે. પ્રતિજ્ઞા પાલનમાં રક્તની આહૂતિ આપવાથી કીર્તિ, પ્રતિષ્ઠા, યશની પ્રાપ્તિ થાય છે. સર્વ-

યાની સાથે રૂશીયાની મિત્રાચારી હતી. રૂશિયાની સાથે ફ્રાંસને કોલ કરાર હતા અને ફ્રાન્સની સાથે સમુદ્રનું સામ્રાજ્ય ભોગવનાર મહા ઈંગ્લીશ નેશનને કોલકરાર હતા. તેથી રૂશીયા લડાઇમાં ઉતરત ફ્રાન્સ પણ રૂસીયાના પક્ષમાં લડાઇમાં ઉતર્યું. લાખો વા કરોડો મનુ ષ્યોનો ભોગ આપીને તે પ્રતિજ્ઞા પાલન ગુણની પ્રતિષ્ઠાથી વિશ્વમ જીવતી કીર્તિને પામ્યું છે. ઇંગ્લાન્ડ, મિત્રાચારીની પ્રતિજ્ઞાથી બદ્ધ થઇને બેલજીયમ, ફ્રાન્સ વિગેરે મિત્રરાજ્યોના પક્ષમાં ઉતરીને દશે દિશ કીર્તિને ફેલાવી રહ્યું છે. પ્રતિજ્ઞાથી બંધાયા બાદ બાહ્ય જીવનની આશાથી સ્વકોલથી ભ્રષ્ટ થવું એ કોઇપણ શૂરવીર કોમને વા પ્રજાને શોભાસ્પદ નથી. સ્વાર્થ લાલચથી પ્રતિજ્ઞા ભ્રષ્ટ થનારને અપકીર્તિ જગત્માં પ્રાપ્તિ થાય છે. અતઃ એવ મનુષ્યોએ પ્રતિજ્ઞા પાળીને શા નના પાને જીવતા થવા સદા ઉદ્યમી થવું જોઇએ.-સદાકાળ પ્રતિજ્ઞા પાલનમાં આત્મવીર્ય સ્ફુરાવવું જોઇએ, કોઇપણ રાષ્ટ્રની ઉન્નતિને વા અવનતિનો આધાર રાષ્ટ્રીઓ ઉપર રહેલો હોય છે. તેની સાથે જો રાષ્ટ્રીઓ પ્રતિજ્ઞા બદ્ધ જીવન ગાળતા હોય છે તો કદાપિ અવન તિના ચક્રમાં ઘસડાઇ જતા નથી. બહાદૂર પ્રતિજ્ઞા પાલકો કોઇ ઉન્ન તિના શિખર ઉપર રાષ્ટ્રને લાવતાં કાળક્ષેપ કરતા નથી. પ્રતિજ્ઞા પાલક હમેશાં વીર, ધીર, અને બાહોશ હોય છે. જે મનુષ્ય ઉપરોક્ત ગુણ ગુણોમાંથી એકમાં પણ ન્યૂનતા ધરાવતો હોય તો તેણે વિશેષ ગુણ પ્રાપ્તિને માટે સતત ઉદ્યોગ કરવો જોઇએ.

અહો એ ધન્ય માતાને-અહો એ ધન્ય પાલકને
અહો જેનાંજ સંતાનો-પ્રતિજ્ઞા બોલીને પાળે—૧૩

જેનાં સંતાનો પ્રતિજ્ઞાનાં વચનો બોલીને પ્રતિજ્ઞાનું પાલન કરે , તેના માતપિતાને ધન્યવાદ ઘટે છે. માતાઓ અને પિતાઓએ પ્રતિજ્ઞા પાલન માટે આત્મભોગ આપવો જોઇએ. “ બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા ” એ કહેવતના સારનું ખાસ મનન કરીને તે પ્રમાણે સંતાનોને પ્રતિજ્ઞા પાલનમાં સ્થિર કરવા પોતે પ્રથમ તે પ્રમાણે વર્તવું જોઇએ. પુત્રોમાં અને પુત્રીઓમાં પ્રતિજ્ઞા પાલન ગુણ સ્થિર

કરવા માટે પ્રથમ પ્રતિજ્ઞા પાલનનાં આદર્શ સ્વરૂપ માતાઓ
પિતાઓએ બનવું જોઇએ. માતા અને પિતાના ગુણોનું અનુ
પ્રાયઃ સંતાનો કરી શકે છે. જેના માતપિતાએ પ્રતિજ્ઞા પાલ
સ્વાર્પણ કર્યું હોય છે, તેના પુત્રોમાં પ્રાયઃ વારસામાં તે ગુણ ઉતરી
એમાં આશ્ચર્ય નથી. પ્રતિજ્ઞા પાળવામાં પુત્રો અને પુત્રીઓ આત્મસ
આપે છે તો તેથી માતાપિતાને ધન્યવાદ ઘટે છે: માતાપિતા
સ્વસંતાનોને પ્રતિજ્ઞા પાલન ગુણમાં સ્થિર કરવા જોઇએ.

કૂપમાં વારિ હોય છે તો હવાડામાં આવે છે, તદ્વત્ પ્રતિજ્ઞા
પાલન ગુણ ખરેખર માતાપિતા અને ધર્મ ગુરૂઓમાં હોય છે. તો તે
પુત્રોમાં સ્વસ્વરે પરિણમે છે. તુલસીદાસ કહે છે કે:—

" જનની જણજે ભક્ત જન, કાં દાતા કાં શૂર
" નહિ તો રહે જે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

પ્રતિજ્ઞા પાલનમાં ભક્ત અને પ્રતિજ્ઞા વચન આપવામાં પ્રસંગે
દાતા તથા પ્રતિજ્ઞા પાલન ગુણમાં શૂર એવા પુત્રોને હે જનની ! તું
જન્મ આપજે માતા ! તું સ્વપુત્રોને પ્રતિજ્ઞા પાલન ગુણમાં ઉત્તમ
પુત્રોને બનાવજે કે જેથી સ્વસંતાનો પ્રતિજ્ઞા, ટેક, કૉલકરાર, વચન,
પાળવામાં શૂરા, આત્મભોગી, વીર, ધીર અને સાહસિક બની શકે. આ
બાબતમાં માતાપિતાઓ અત્યંત કાળજી રાખે છે તેઓને ધન્યવાદ ઘટે
છે. પ્રતિજ્ઞા પાળક સંતાનોથી માતા અને પિતાનું મુખ ઉજ્જ્વલ થાય છે,
અને તેઓનાં નામ ઇતિહાસના પાને અમર થાય છે. જેનાં સંતાનો
પ્રતિજ્ઞા, ટેક, કૉલથી ભ્રષ્ટ થાય છે, તેનાં માતાઓ અને પિતાઓ
અપયશના વાદળાં વ્હોરી લે છે. માતાઓએ અને પિતાઓએ પુત્રોને
પ્રતિજ્ઞા પાળવામાં આત્મભોગી બનાવવાજ જોઇએ.

હે ભારત માતા ! ક્યારે આપનાં સંતાનો પ્રતિજ્ઞા ધર્મને સમ-
જવા શકે. માતાની કૃપા હંમેશાં સંતાનો ઉપર રહેલીજ છે. ત્યારે
શું માતા તું અમને પૂર્વવત્ સુશિક્ષણ આપતાં પ્રતિબંધક થયાં છે ?
હજી રામાયણ અને મહાભારતના અમુલ્ય પુસ્તકો કાળના ચક્રમાં નાશ

પામવા નથી પામ્યાં-માતા તારા પ્રત્યેક સંતાનોને દરરોજ ઉપરોક્ત પુસ્તકોનો પ્રાતઃકાળમાં પાઠ શિખવા કટિબદ્ધ કર! ભીષ્મ જેવાની દારૂણ પ્રતિજ્ઞાઓનું મનન કરવાની શું આવશ્યકતા નથી ? ભીમે દુર્યોધનની જંઘા ફાડવાની પ્રતિજ્ઞા પૂર્ણ કેવી રીતે કરી તેનું લક્ષ ભારતવાસીઓમાં દૃઢ શું નહિ થાય ? કૃષ્ણનો અર્જુન પ્રતિ પ્રતિજ્ઞામાં દ્રઢ થવાનો બોધ તારા સંતાનોમાંથી નાશ પામ્યો ત્યારેજ હે માતા તારા દુષ્ટ સંતાનોને લીધે તારી પોતાની દુર્દશા થઇ. ભારત માતાના સંતાનોએ પરિપૂર્ણ સ્વાર્પણ કરીને પ્રતિજ્ઞા પાળવામાં સદા તત્પર રહેવું જોઇએ.

અહો એ ધન્ય ભૂમિને, અહો એ ધન્ય છે કુળને;
પ્રતિજ્ઞા પાળકો ઉપજે-રહે ઇતિહાસના પાને.—૧૪

જ્યાં પ્રતિજ્ઞા પાળકો ઉપજે છે. એવી ભૂમિને અહો ધન્ય છે. તેમજ એવા કુળને ધન્ય છે, ધન્ય તે નગરી, ધન્ય વેળા-ઘડી, ધન્ય પિતા કુળવંશ જિનેશ્વર (ધર્મનાથસ્તવન) શ્રીમદ્ આનંદઘનજી મહાત્મા કથે છે કે જે તીર્થંકરો જ્યાં જન્મ્યા તે ભૂમિ, નગરી, તે વેળા, તે વંશ અને તે કુળને ધન્યવાદ ઘટે છે. પ્રતિજ્ઞા પાળકમાં મહા શૂર લોકોત્તર વીર તીર્થંકરોની પ્રતિજ્ઞાઓથી આર્યાવર્ત સદા મગરૂર છે. પ્રતિજ્ઞા જે દેશની ભૂમિમાં પળાય છે તે ભૂમિને ધન્યવાદ ઘટે છે. ગ્રીસ કરતાં, ઇજીપ્ત કરતાં, આર્યાવર્તમાં અનેક પ્રતિજ્ઞા પાલક મનુષ્યો ઉત્પન્ન થાય છે તેથી આર્યાવર્તની ભૂમિને ધન્યવાદ ઘટે છે. પ્રતિજ્ઞા પાલકોથી જે ભૂમિ સ્પર્શાય છે તે ભૂમિમાં તેવા પ્રકારનાં આન્દોલનો પ્રગટે છે, અને તેથી ત્યાં પ્રતિજ્ઞા પાલક સંતાનોની ઉત્પત્તિ થાય છે. સર્વ દેશોમાં ભારત ભૂમિની શ્રેષ્ઠતા છે, તેનું કારણ એ છે કે ત્યાં અનેક પ્રતિજ્ઞા પાલક મહાત્માઓ-યોદ્ધાઓ પૂર્વે થયા હતાઃ ભવિષ્યમાં પણ ભારત માતાના ઉદરમાંથી અનેક પ્રતિજ્ઞા પાળક વીરો પ્રગટશે. પ્રતિજ્ઞા પાળકોનાં કુળો વખણાય છે. ભારતમાં જે જે જાતો ઉત્તમ ગણાય છે તેનું કારણ એ છે કે તે જાતિયોમાં પ્રતિજ્ઞા પાળકો થયા હતા. ખરેખર પ્રતિજ્ઞા પાળક મનુષ્યો ઇતિહાસના પાને અમર રહે છે. જે ભૂમિમાં, દેશમાં પ્રતિજ્ઞા પાળકો ઉદ્ભવે છે તે ભૂમિ સર્વ દેશોમાં

ખણાય છે. આર્યાવર્તમાં જેમ મરૂસ્થળ રાજપુત રમણીઓને માટે
ા પ્રતિજ્ઞા પાળક ક્ષાત્ર વીરોને માટે મેવાડ વખણાય છે. તેમ જે
દેશોમાં પ્રતિજ્ઞા પાળકો ઉદ્ભવે છે, તેઓના પવિત્ર વાતાવરણથી
જ્ઞાપાળક મનુષ્યોનો વિશેષતઃ પ્રાદુર્ભાવ થાય છે. જે કુળમાં પ્રતિજ્ઞા
ળક મનુષ્યો જન્મ ધારણ કરે છે, તે કુળની સર્વત્ર ખ્યાતિ પ્રસરે છે.
મુક અમુક કુળો અમુક અમુક ગુણને લીધે જેમ રૂઢ ખ્યાતિવાળાં
લેલાં હોય છે, તેમ પ્રતિજ્ઞા પાળક મનુષ્યો જે કુળમાં વિશેષ ઉદ્-
ે છે તે કુળ પણ પ્રતિજ્ઞા પાલન માટે વિશ્વમાં ખ્યાતિને પામે છે.
ીખ અને ગુરખાઓની જાત પ્રતિજ્ઞાપાલન ગુણને માટે વખણાય
શિશોદિયા રાજપુત્રો રણભુમિમાંથી કદાપિ પ્રયાણ ન કરી જાય
ા માટે વખણાય છે.

વિદ્યાની પ્રગતિ માટે બંગાળમાં ટાગોરનું કુટુંબ વખણાય છે.
ી સ્ત્રીઓના પ્રાદુર્ભાવ માટે ગોહિલ અને ચાવડા રજપુતોનું કુળ
ખણાય છે. રાજ્ય વ્યવસ્થા–કારોબાર માટે બ્રિટિશ રાજ્ય પ્રસિદ્ધ છે.
યન્સ વિદ્યાની પ્રગતિ માટે જર્મની વખણાય છે. સ્વાર્પણ જીવન
ટે જાપાનિઝો વખણાય છે, તેમ પ્રતિજ્ઞા પાલન ગુણને માટે જે જે
ોના મનુષ્યોએ આત્મસમર્પણ કર્યું હોય છે, તે તે વંશો ખ્યાતિને
મ્યા છે. મનુષ્યોએ પોતાના દેશમાં અને પોતાના કુળમાં પ્રતિજ્ઞા
લક મનુષ્યો ઉદ્ભવે એવા સદ્વિચારો અને આચારોનો ફેલાવો
રો જોઇએ, કે જેથી પોતાના દેશની અને કુળની વિદ્યુત્ વેગે પ્રગતિ
ા કરે. પ્રતિજ્ઞા ગુણ પાલન કરનારા જનો પ્રગટયા વિના દેશનો
ને કુળનો ઉદ્ધાર થતો નથી. દેશનો અને કુળનો ઉદ્ધાર કરવા માટે
ને દેશ અને કુળને ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે અમર કરવા માટે
ાના મનુષ્યોએ મન, વચન અને કાયાથી અપૂર્વ પ્રતિજ્ઞા પાલન
ાસ કરવો જોઇએ કે જેથી પ્રતિજ્ઞા પાળક મનુષ્યોની ભૂમિ અને
ની ઉજ્જવળતા સર્વત્ર સર્વ દેશોમાં શશિસમ દેદિપ્યમાન થઇ રહે.

અહો એ ધન્ય ગુરૂઓને-અરે જેના હૃદય શિષ્યો ?
પ્રતિજ્ઞામાં અડગ રહીને-ગુરૂનું નામ દીપાવે—૧૫

અહો એ ગુરૂઓને ધન્ય છે કે જેના હૃદય શિષ્યો પ્રતિજ્ઞા પાલના સ્થિર રહીને ગુરૂનું નામ દીપાવે છે. ગુરૂનું હૃદય લીધા વિના હૃ શિષ્યત્વ પ્રાપ્ત થતું નથી. હૃદયનું ગુરૂને સ્વાર્પણ કરીને અં તેમજ ગુરૂનું હૃદય લેઇ હૃદયરૂપ થઇનેજેઓ વર્તે છે તે હૃદ શિષ્યો કહેવાય છે. ગુરૂ હૃદય લેવું અને સ્વહૃદય અર્પણ કરવું સં વિચાર શ્રેણિની બાહેર છે, એટલુંજ નહિ પણ મુશ્કેલ છે. ગુરૂના હૃ યમાં જે સદ્‌વિચારો હોય તેને પોતાના તરીકે પરિણમવાથી હૃદય શિષ તરીકે બનવાનો શિષ્યને અધિકાર પ્રાપ્ત થાય છે. ગુરૂના હૃદય પ્રમાણે વર્તનારા ક્ષાત્રયોગી, કર્મવીર શિષ્યો પ્રતિજ્ઞા પાલનમાં કટિબદ્ધ થઇને સ્વાત્મોન્નતિ કરી શકે છે. હૃદય શિષ્યો, પ્રતિજ્ઞાઓનું પાલન કરીને વિશ્વમાં ગુરૂનું નામ દીપાવી શકે છે, અને તેથી વિશ્વમાં તેઓના ગુરૂઓને ધન્યવાદ પ્રાપ્ત થાય છે. કોઇ પણ શિષ્ય જ્યારે ગુરૂના હૃદય રૂપ બને છે, ત્યારે તે પ્રતિજ્ઞા પાલન કરવાને શક્તિમાન્ થાય છે. અત્યંત શુદ્ધ પ્રીતિ, વિનય અને બહુમાનથી પોતાના ગુરૂનું હૃદય લેવાને શક્તિમાન થાય છે. ગુરૂઓએ નાનકગુરૂની માફક તેમજ ગુરૂ ગોવિંદસિંહની માફક હૃદય શિષ્યો બનાવવા જોઇએ. ગુરૂ ગોવિંદસિંહનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે શત્રુઓને મારીને પણ સ્વધર્મનું રક્ષણ કરવું. स्वधर्म प्रतिपद्यस्व, जहि शत्रुन् समागतान् (महाभारत) ધર્મવીર ગોવિંદસિંહ વિક્રમ સંવત્ ૧૭૨૩ ના જ્યેષ્ઠ સુદી સપ્તમીને શનિવારે મધરાતે પટનામાં થયો હતો. સ્વપિતા તેગ બહાદુરજીનો ઓરંગઝેબના હુકમથી ઘાત થયો છે એવું જાણતાંજ પોતે પ્રતિજ્ઞા લીધી કે મારા પિતાનું વેર લેવું જોઇએ, કારણ કે મારા પિતાએ ઇસ્લામ ધર્મ ન સ્વીકાર્યો,—" શિર આપ્યું પણ ધર્મથી પતિત નજ થયા " ઉપરોક્ત પ્રતિજ્ઞા કર્યા પછિ તેઓએ ખાલસા ધર્મ ફેલાવવા માંડયો અને સર્વ સામગ્રીઓ તૈયાર કરવા માંડી. પોતાના મહાન્ ધર્મકાર્યમાં તેમને હૃદયશિષ્યોની જરૂર પડી અને ભવાનીને ભોગ આપવાનો છે માટે જે મારા હૃદય શિષ્યો હોય તેઓએ તૈયાર થઇ જવું. ગુરૂનું ફરમાન થતાં બીકણ, બાયલા, હીજડા, નપુંસક અને ઢોંગીને ન્હાસી ગયા·

નાર મનુષ્યો તો પરિષદ્‌માંથી પલાયનજ કરી ગયા, પણ પ્રથમ ક્ષત્રિય વીર દયાસિંહ સ્વશિરની પૂર્ણાહુતિ આપવાને તૈયાર થયો. ગુરૂ તેને એક તંબુમાં લઇ ગયા, અને બીજાઓને માટે માંગણી કરી. ત્યારે ધર્મસિંહ નામનો એક જાટ તૈયાર થયો. આ પ્રમાણે તેમણે બીજા ત્રણ શિષ્યોની પસંદગી કરી. તેઓના નામ હિંમતસિંહ નામનો એક કહાર, મોહકચંદ નામનો એક રંગરેજ, અને છેલ્લો સાહેબસિંહ નામનો હજામ. ઉપરોક્ત પાંચે શિષ્યોજ ખરેખર ગુરૂના હૃદયના શિષ્યો થયા. ભારતમાં આ નવી ફેશનની ફીલસુફીમાં તો ધર્મગુરૂઓની ઉપેક્ષા કરનાર ઘણા મનુષ્યો દેખાય છે, ને મોજશોખમાં કરોડોનો ધાણ કાઢી નાખવો તેમાં કોઇ પણ જાતની હરકત નહિ પણ મહાત્મા, સંત પુરૂષોને જીવન ટકાવવા અન્ન આપવું તેમાં તો તેઓ હિંદુસ્થાનને ભાર રૂપ છે, નકામા છે—એવા ઘણાજ ઉત્તમ બિરૂદ આપતાં અનેકજનો અચકાતાજ નથી. જુવાનો ગુરૂઓને તમારા પ્રાણની આહુતિ આપો એટલે આપોઆપ સ્વર્ગમાં જવાને તૈયાર થશો. શિષ્યોને, વિદ્યાર્થીઓને પ્રથમ પ્રતિજ્ઞા પાલન ગુણવડે મહાન્ બનાવવા જોઇએ. જેનામાં પ્રતિજ્ઞા પાલન ગુણ આવે છે તેનામાં સ્વાભાવિક અન્ય ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે—એવો દૃઢ નિશ્ચય ધારણ કરીને ગુરૂઓએ ટેક, પ્રતિજ્ઞા, કોલનો નિર્વાહ થાય એવું શિક્ષણ આપવું જોઇએ. પ્રતિજ્ઞા પાલક ગુણી શિષ્ય પોતાના ગુરૂનું નામ દીપાવવા સમર્થ થાય છે. પ્રતિજ્ઞા પાલન ગુણમાં શિષ્યોને દૃઢ કરવાથી ધર્મોદ્ધાર અને દેશોદ્ધાર કરી શકાય છે. બોલેલું પાળવું એ પ્રમાણે શિષ્યોનું વર્તન થવાથી શિષ્યોની વિશ્વમાં પ્રતિષ્ઠા વધે છે અને તેઓ મહાભારત કાર્યો કરવાને શક્તિમાન્ થાય છે. પોતાના બોલો પાળવાની શિષ્યોની પ્રમાણિકતામાં વધારો થાય છે. શિષ્યો જે જે કાર્યો કરે છે તેઓને અન્ય લોકો ધન્યવાદ પૂર્વક વધાવી લે છે. ગુરૂ ગોવિંદસિંહ અને તેઓના પાંચ હૃદય શિષ્યોની પ્રતિજ્ઞાનું ખાસ કરીને દરેક મનુષ્યે મનન કરવું જોઇએ.

પ્રતિજ્ઞા પાલકની ઉચ્ચજાતિ.

અહો એ ધન્ય જાતિને, અહો જે જાતિમાં જનમ્યા;
પ્રતિજ્ઞા પાળીને પૂરી, કરે છે ઉચ્ચ જાતિને. ૧૬

જે જાતિમાં પ્રતિજ્ઞા પાળકો જન્મે છે તે જાતિને અને તે જાતિમાં જન્મેલાઓને પણ અહો ધન્ય છે, જેઓ પ્રતિજ્ઞા પાળીને સ્વજાતિને ઉચ્ચ કરે છે તેઓને ધન્ય છે. ભર્તૃહરિ નીતિશતકમાં કહેલું છે કે,

परिवर्तिनि संसारे, मृतः को वा न जायते ।
सजातो येन जातेन, याति वंशसमुन्नतिम् ॥

પ્રતિજ્ઞા પાળકો જે જાતિમાં ઉત્પન્ન થાય છે, તે જાતિની વિશ્વમાં પ્રશંસા અને પ્રસિદ્ધિ થાય છે. ગમે તે જાતિનો મનુષ્ય હોય પરંતુ જે પ્રતિજ્ઞાનું પાલન કરે છે તેની જાતિ વિશ્વમાં ઉચ્ચ ગણાય છે. જે જાતિમાં પ્રતિજ્ઞા પાળકોનો પ્રકાશ થાય છે, તે જાતિ વિશ્વમાં અગ્રગણ્ય પદ પ્રાપ્ત કરે છે—આત્મવીર્યને સ્ફોરવીને અને આત્મ ભોગ આપીને પ્રતિજ્ઞાનું પાલન કરી શકાય છે. જેના હૃદયમાં પ્રતિજ્ઞાનું માન છે, તે સ્વજાતિને ઉન્નતિના ઉચ્ચ શિખર પર સ્થાપિત કરી શકે છે.

જે જાતના લોકો પ્રતિજ્ઞાનું પાલન કરે છે, તે જાતિનું વિશ્વમાં અમર નામ રહે છે. સ્પાર્ટના લોકોથી ઇતિહાસનો જાણનાર ભાગ્યેજ અજાણ્યો હશે. તે બહાદુર જાતિનાં પરાક્રમો ગમે તેવા બહાદુર યોદ્ધાને કમકમાટ ઉપજાવ્યા વગર રહેતાં નથી. ત્રણ પુરૂષો દશહજાર યોદ્ધાના લશ્કરને મહાત્ કરે એ શું આશ્ચર્યની વાત નથી? આવા શૂરવીર યોદ્ધાઓ શાથી સ્પાર્ટાની ભૂમિમાં પાકયા હતા. તેઓ બાળકને એક નાની ટેકરી ઉપરથી ગબડાવી દેતા. જો બાળક જીવતું તો તેઓ સ્વજાતિની ઉન્નતિ કરી શકશે એવી માન્યતા રાખતા. ખરે-

ખર થવું પણ તેમજ. એક નાનો સરખો સ્પાર્ટાનો દેશ મહાન્ રાજ્ય-
નો પરાજય કરે તે ભપો પ્રતાપ શાનો હોવો જોઇએ ! ખરેખર
શૂરતાનોજ. તેઓ શૂરવીર પુરૂષો હતા એટલુંજ નહિ પણ પ્રતિજ્ઞા
પાળવામાં પ્રાણને પણ હિસાબમાં ગણતાજ નહિ. સ્પાર્ટન લોકો ખરે-
ખર પ્રતિજ્ઞા પાળનારજ હતા.

પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયેલી જાતિ વિશ્વમાં નીચ ગણાય છે. પ્રતિજ્ઞા
પાળીને લોકો, ઉચ્ચ જાતિના બને એવું શિક્ષણ દરેક જાતિમાં, કો-
મમાં, નિશાળમાં, દેશમાં, મુલકમાં, ખંડમાં અને આખા વિશ્વમાં
ફેલાવવું જોઇએ. કોઇ પણ જાતનું વચન પાળવામાં આવે, કોઇ પણ
બોલ બોલીને અમુક કાર્ય સંબંધી પ્રતિજ્ઞા કરવામાં આવે ને વચનથી
બંધાવું પડે તો પશ્ચાત્ તે ઘણી વિઘ્નો આવતાં પણ તે જાતિ પ્રતિ-
જ્ઞાથી વિમુખ થતી નથી અને તેના માટે પ્રાણનું અર્પણ કરે છે. તે
જાતિને કરોડો ધન્યવાદો ઘટે છે. પ્રતિજ્ઞા પાળીને જે લોકો સ્વજાતિને
સર્વોત્તમ પદ પ્રાપ્ત કરાવે છે તેઓના નામને અને જન્મ સફલતાને
ધન્ય છે. પ્રતિજ્ઞા પાળવાથી આત્મામાં અનુપમ તેજ પ્રકટે છે, અને
દિવ્ય સુખથી ભરપૂર આત્મા બને છે. દરેક આત્મા પ્રતિજ્ઞા પાળી
હિન્દ દેશ એવું જાતિના આદિજનોને જે શિક્ષણ આપવું જોઇએ અને
અનુભિક [illegible] અન્ય જાતિ કરતાં સ્વજાતિ કરોડો
ગણે ઉન્નત ન રહે એવું ખાસ લક્ષ આપવું જોઇએ. અત્રે પ્રતિજ્ઞા
પાલનમાં પ્રાણ દેવામાં આવે છે, આ ઉત્તમ જાતિના છે.

સાચો જે દેશના લોકો—પ્રતિજ્ઞા પાળના ટેકે,
ધરે નહિં મૃત્યુની પરવા—જગતમાં દેશ શોભાવે. ૧૩

વિવેચન-જે દેશના લોકો ટેકથી પ્રતિજ્ઞા પાળે છે અને
[illegible] તે દેશના લોકો સર્વ [illegible] પ્રથમ
[illegible] છે. [illegible]
[illegible] પ્રતિજ્ઞા [illegible]
[illegible]

વગેરે ઉદયના સંમુખ ગતિ કરી શકાય એવી પ્રતિજ્ઞાઓથી કદાપિ પરાઙ્મુખ ન થવું જોઇએ. મૃત્યુને સ્વપ્રેમી મનુષ્ય ગણી નિશ્ચય પૂર્વક દેશના લો.કો.એ હાનિ લાભનો વિવેક સંપ્રાપ્ત કરીને પ્રતિજ્ઞા પાલનમાં પ્રવૃત્તિ કરવી જોઇએ-પ્રતિજ્ઞા-ટેક, હોડ, પાળવામાં નવું જીવન રહેલું છે એમ સમજીને દેશના લોકોએ દેશાભિમાન પૂર્વક પ્રતિજ્ઞાઓને પાળવી જોઇએ. જે દેશના લોકો પ્રત્યેક શુભ પ્રગતિપ્રદ પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થાય છે તેઓને આ જીવનમાં સુખની પ્રાપ્તિ થતી નથી, અને તેઓ ભવાંતરે સુખી થવાની અભિલાષાને તિલાંજલિ આપે છે. જેઓ શુભ પ્રગતિપ્રદ પ્રતિજ્ઞા પાળવામાં શરીર પ્રાણનો નાશ કરે છે તેઓને હમેશાં જીવનમાં સુખની પ્રાપ્તિ થાય છે, યશની પ્રાપ્તિ તેઓના જીવનમાં નવો રસ પૂરે છે. અતએવ દેશના લોકોએ પ્રતિજ્ઞા પાળીને સ્વદેશને વિશ્વમાં વિભૂષિત કરવો જોઇએ.

અહો એ ધન્ય જીહ્વાને-વદી પાછું ગ્રહે નહિ જે;
અહો એ જીભ પર રહેતી-વચન સિદ્ધિ અને કીર્તિ ૧૮

વિવેચન-અહો ! એ જીહ્વાને ધન્ય છે કે જે જીહ્વા પ્રતિજ્ઞાનું વચન વદીને પાછું તેને ગ્રહણ કરતી નથી. અહો ! જે જીહ્વા શબ્દ બોલીને પાછા ખેંચી લેતી નથી તે જીહ્વાપર વચન સિદ્ધિ અને કીર્તિ રહે છે. પ્રતિજ્ઞાયુક્ત જીહ્વાને ધન્યવાદ આપવામાં આવે છે. પ્રતિજ્ઞા પાલક મનુષ્યોની જીહ્વાને ધન્યવાદ ઘટે છે. જે જીહ્વા પ્રતિજ્ઞા વચન બોલીને પાછું ખેંચી લે છે તે દુનીની ઉપમાથી પ્રસિદ્ધ થાય છે. જીહ્વાની મહત્તા વચન બોલી પાછું નહિ ખેંચી લેવામાં છે. જીહ્વા કદાપિ પ્રાણાંતે પણ બોલીને પાછું ખેંચી લેતી નથી તે જીહ્વા પર વચન સિદ્ધિ અને કીર્તિ રહે છે એમ યોગીઓ જણાવે છે. વચન સિદ્ધિની ઉત્પત્તિની ઇચ્છા જેના મનમાં હોય તેણે ભાષા સમિતિ પૂર્વક બોલવું પાછું ન ખેંચી લેવાય એવા ઉપયોગ પૂર્વક બોલવું જોઇએ. "વીર્યપાત કરતાં વચનનો પાત અનન્ત ગણો હાનિ કર છે" એવો અનુભવ કરીને બકવાદ, લવારો ત્યાગ કરીને પ્રતિજ્ઞાનું પાલન થાય એવો દૃઢ સંકલ્પ કરીને જીહ્વાથી બોલવું જોઇએ.

'અણી બોલ્યા અણી ફોક' એવી પ્રતિજ્ઞાવાળાને વચન સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. સત્ય પ્રતિજ્ઞા પાલનમાં દૃઢ સંકલ્પવાળા મ ષ્યોને વચન સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તે જીભ્હા કદાપિ પ્રતિજ્ઞા ભ્રષ્ટ શબ્દો ઉચ્ચારતી નથી એવી જીભ્હાપર વચન સિદ્ધિ વસે છે અને કીર્તિ વ છે એમાં જરા માત્ર સંશય નથી. પ્રતિજ્ઞા પાલન શબ્દોવડે જીભ્હા સદા શોભી રહે છે તે જીભ્હાપર સત્યના મહિમાથી બાર વ વચન સિદ્ધિ આવીને વસે છે અને જે કદાપિ નાશ ન થાય એવ કીર્તિ પ્રગટીને વસે છે તેથી તે જીભ્હા આ વિશ્વમાં સરસ્વતીની પેં પૂજાય છે-સેવાય છે-અને મનાય છે. વચન સિદ્ધિ અને કીર્તિન ઇચ્છાવાળાએ સત્ય પ્રતિજ્ઞાયુક્ત શબ્દો બોલીને તેઓથી કદાપિ પાછ ન ફરવું જોઇએ. આ જગત્‌માં જેટલી વિપત્તિયો છે, તેટલી વિપત્તિયે ખરેખર જીભ્હાથી જે જે શબ્દો બોલાય છે તે તે શબ્દોને પાછા ખેંચી લેનાં સામી ઉપસ્થિત થાય છે. તો પણ જે બોલેલા બોલો પાળે છે તેના આગળ તે નમે છે અને પાછી ફરી જાય છે અને વચન સિદ્ધિ અને કીર્તિ આપીને તેઓ દુઃખને સ્થાને સુખ કરી દે છે.

માટે જીભ્હાથી જે જે પ્રતિજ્ઞાના શબ્દો બોલવામાં આવે તે શબ્દો પ્રમાણે વર્તવાને યોદ્ધાની પેઠે મરણીયા થઇને વર્તવું જોઇએ. આધુનિક સમયમાં જે જે વચન સિદ્ધિવાળા મહાત્માઓ જણાય છે. તેઓની જીભ્હાથી તેમના બોલો કદાપિ પાછા ખેંચાતા નથી એમ ખાસ લક્ષમાં રાખવું જોઇએ. મહાપુરૂષોનાં વચનો-બોલો કદાપિ ફરતા નથી એવો કુદરતી નિયમ છે, વિશ્વમાં અનેક પ્રકારની સિદ્ધિયો છે. આત્મોન્નતિ કરવા માટે સજ્જનોએ જીભ્હાથી બોલાતા પ્રતિજ્ઞાના શબ્દોને ખાસ પાળવા જોઇએ. ભીષ્મપિતામહની દારૂણ પ્રતિજ્ઞાથી કોઇ પણ અર્થ અજાણ્યો હશે નહિ. અનેક કાર્યને વિષે ઉત્કૃષ્ટ હમેશાં પ્રતિજ્ઞા પાળવા માટે અને ભીષ્મ જેટલું બળ મેળવવા માટે ભીષ્મ-પિતામહનું નામ અનુકરણીય છે.

અહો એ ધન્ય માનવને-શિખાવે પાઠ અન્યોને;
બની આદર્શવત્ પોતે-ત્યજીને સર્વ સ્વાર્થોને. ૧૯

વિવેચન—અન્ય મનુષ્યોને પ્રતિજ્ઞા પાલનનો પાઠ જે સર્વ સ્વાર્થોનો ત્યાગ કરીને તથા આદર્શવત બનીને શિખાવે છે તે માનવને ધન્ય છે. પ્રતિજ્ઞાને પાળીને અન્યજનોને કંઇ કહેવામાં આવે છે તેની અન્ય જનોપર સારી અસર થાય છે. પોતાના આચરણની અન્યો પર જેવી અસર થાય છે તેવી ફક્ત કહેણીથી અસર થતી નથી. ઇંગ્લીશમાં કહેવત છે કે–' Examples are better than precepts.' વિશ્વમાં પ્રતિજ્ઞા પાળક મનુષ્યો ઉત્પન્ન કરવા હોય તો પ્રથમ પોતે પ્રતિજ્ઞા પાળક બનવું જોઇએ. દુનિયાની આગળ બોલવાની જરૂર નથી, પરંતુ બોલીને તે પ્રમાણે વર્તવાની જરૂર છે. સર્વ મનુષ્યોને કહેણી પ્રમાણે રહેણીની જરૂર છે. દુનિયા, મૌની એવા પ્રતિજ્ઞા પાળક મનુષ્ય પાસેથી પ્રતિજ્ઞા પાલનનો પાઠ શિખીને તેને જેટલો આચારમાં મૂકે છે તેટલો ભાષણની ભવાઇથી આચારમાં મૂકી શકતી નથી. બોલીને તે પ્રમાણે વર્તી બતાવવાથી આદર્શ પુરૂષ બની શકાય છે પરંતુ બકબકાટ કરવા માત્રથી આદર્શ પુરૂષત્વ પ્રાપ્ત થઇ શકતું નથી. આ વિશ્વમાં બોલીને ફરી જાય એવા મનુષ્યોનો પાર નથી, પણ બોલ બોલીને તે પ્રમાણે વર્તે એવા પુરૂષો તો લાખે એક મળી શકે છે. ગુરૂ ગોવિંદસિંહના બે બાળકોને ઔરંગઝેબ બાદશાહની આજ્ઞાથી સરદારે ભીંતમાં ચણી દીધા હતા પરંતુ બન્ને બાળકોએ પિતાના બોલ પ્રમાણે પ્રતિજ્ઞા પાલન કરવામાં જરા માત્ર મૃત્યુનો ભય ગણ્યો નહિ, અને ભીંતમાં ચણાઇને આ નાશવંત દેહને છોડી ગયા. તેઓનું આ કૃત્ય સાંભળીને ગુરૂ ગોવિંદસિંહને આશ્ચર્ય રૂપે ગ્લાનિ ઉદ્દભવી. પરંતુ સાહેબની મરજી એવું ઉચ્ચારીને તે બાળકોને ધન્યવાદ આપ્યો. પ્રતિજ્ઞા પાલનમાં આ દ્રષ્ટાંત સામાન્ય ગણી શકાય નહિ. જે મુખે તે બાળકોએ સાહેબને-રામને-જપ્યા તેથી કદિ ભ્રષ્ટ થયા નહિ. આ ઉપરથી સાર લેવાનો એ છે કે પ્રતિજ્ઞા પાળકોના જીવન ચરિત્રોથી તેઓ અન્યજનોપર સારી છાપ બેસાડી શકે છે. માટે સુજ્ઞ મનુષ્યોએ મુખથી લવલવ-બડબડાટ ન કરતાં જે જે પ્રતિજ્ઞાઓ કરી હોય તેઓનું પાલન કરવું કે જેથી સ્વયમેવ વિશ્વ-

૧૨ એવો માનવજ શાહુકારજ છે પ્રતિજ્ઞા પાલન વિના ખરૂં શાહુકાર-
પણું પ્રાપ્ત થઈ શકતું નથી, જેની બોલીએ બંધ નહિ-જે બોલ બોલીને
ઘડીવાર ફરી જાય છે, તે શાહુકાર, શેઠ, પારેખ-ખરેખરો બની
શકતો નથી. બોલીને તે પ્રમાણે વર્તવાના પ્રમાણિકપણા વિના જગતમાં
શાહુકારીપણું પ્રાપ્ત થતું નથી. ખરેખરા શાહુકાર થવું હોય તો
પ્રતિજ્ઞા પાલન રૂપ સત્યને પ્રભુની પેઠે માન આપી પ્રવર્તવું જોઈએ.
મહા પુરૂષના મુખમાંથી જે જે બોલ નીકળે છે તે પ્રતિજ્ઞા રૂપજ છે.
પ્રતિજ્ઞા પાલનથી વિશ્વનો વિશ્વાસ મેળવી શકાય છે. " નામે શેઠ રળી
ખાય અને નામે ચોર માર્યો જાય " એવી જગતમાં કહેવત વર્તે છે.
તેમાંથી ઘણો અનુભવ લેવાનો છે. જો પ્રતિજ્ઞા પાલન ગુણ વિશ્વમાં
દેદીપ્યમાન હોત નહીં તો કરોડો રૂપીઆની લેવડ દેવડનો સંબંધ
બની ગયો હોત અને નાણા પ્રકરણ કે જેના માટે પાશ્ચાત્ય વિદ્વાનો
સખ્ત મહેનત ઉઠાવીને જનસમાજ આગળ મૂકવા પુસ્તકોદ્વારા,
પત્રોદ્વારા, વિચારોને તે વિષય માટે બહાર પ્રશ્ન સન્મુખ રજુ કરે છે.
તેનો પણ સ્થાને માટે અધિકાર થયો હોત. વિશ્વાસ, પ્રતિજ્ઞા, વચન,
કૉલ, Promise ઉપરજ જગતનો આધાર છે. પ્રતિજ્ઞા પાલનથી
સર્વ મનુષ્યોમાં પોતાનો વિશ્વાસ બેસે છે. તેથી બેઠેલા બેઠેલાને
પાતાળમાંસ્વનામ સર્વત્ર વિશ્વમાં પ્રસિદ્ધ થતાં સર્વ પ્રકારના વ્યવહારમાં
શાહુકારી પર પ્રેમ થાય છે, અને તેથી આત્મવિકાસ કાર્યોમાં વિશ્વની
સહાય મળે છે. તેથી તે માનવને વિશ્વના લોકો ધન્યવાદ આપી શકે
છે. જગતમાં તેવા પ્રતિજ્ઞા પાળો સત્યની સ્થાપના કરવા અને શાહુ-
કારીપણું પ્રકટાવવા અને અન્ય જનોને દૃષ્ટાંતભૂત થવા ઉત્પન્ન
થાય છે એમાં જરા માત્ર શંકા નથી. રાહ નામની વૈશ્યજ્ઞાતિ
પ્રતિજ્ઞા પાલનેજ કરે છે.

અહો એ ધન્ય માનવને-વિપત્તિયો સહી કોટી:
પ્રતિજ્ઞા પાલને: બોલે-આનંદાને ત્યજી દૂરે. ૨૧

વિવેચન-અહો, એ મનુષ્યને ધન્યવાદ ઘટે છે કે જે કરોડો
મહાદુઃખાને દૂર કરી કોટિ વિપત્તિઓ સહીને પ્રતિજ્ઞાને પાળે "

ગુરૂ અહંતા છે [illegible] અને પશ્ચમા
મમતા [illegible] છે.
[illegible] અહંતા અને
[illegible]
[illegible]
[illegible]
[illegible] અહંતા [illegible] થાય છે
[illegible] મમતા [illegible]
[illegible] થી અહંતા અને મમતાથી [illegible]
[illegible] પલાયન કરી જાય છે અહંતાથી પ્રતિજ્ઞા
[illegible] છે અને તેથી ગુલામગીરી પ્રાપ્ત થાય છે.
[illegible] અહંતાના ગુલામ બને છે તેઓ વિશ્વના ગુલામો બને
[illegible] આવે છે કે તે દેશના લોકો ભાવિષ્યની
[illegible] પડે છે અહંતા અને મમતા વિના પ્રતિજ્ઞા
[illegible] કરે છે અને પ્રતિજ્ઞા પાલનમાં અનેક વિપત્તિયો
[illegible] યુદ્ધ કરી શકાય છે. હું અમુક કાર્ય
[illegible] અમુક કરીશ અમુક બાબતમાં અમુક સેવા બજા-
વીશ. અમુક વચનથી બંધાઈને ચાલીશ–અમુકને અમુક વાતો નહિં
[illegible] ને મન, વચન, અને કાયાનું અર્પણ કરૂં છું ઇત્યાદિ અનેક
[illegible] કરીને તે પ્રમાણે પ્રવર્તતા અહંતા રહિત મનુષ્ય
કેટલી વિપત્તિયોને સહન કરે છે અને પરિષહોથી વિપત્તિયોથી પોતે
નહિં ડગવાથી પુરૂષ એવું નામ પ્રસિદ્ધ કરે છે. જે પોતાના બોલ
વડે પ્રતિજ્ઞાને પાળે છે તે મનુષ્યને વિપત્તિયોને સહ્યા બાદ કોટી ધન્ય-
વાદો ઘટે છે–સુવર્ણની પેઠે પ્રતિજ્ઞા પાળવામાં અનેક વિપત્તિયો રૂપ
તાપને સહેવા પડે છે. અનેક દુઃખો સહ્યા વિના કોઈ મહા પુરૂષ બની
શકતો નથી–શતધા વિપત્તિયો સહન કર્યા વિના કદાપિ ખરેખરા મહા
પુરૂષ બની શકાતું નથી. વિપત્તિયો સહવાથી કોઇ પણ મનુષ્ય પ્રતિજ્ઞા
પાલક થઈ શકે છે.

અહો એ ત્યાગી છે પૂરો-ત્યજી સુખની સહુ આશા
પડેલાં કષ્ટ વેઠીને-પ્રતિજ્ઞા બોલીને પાળે—૨૨

વિવેચન—જે મનુષ્ય બાહ્ય સુખની સર્વ આશાઓનો ત્યાગ કરીને શીર્ષપર પડેલાં સર્વ કષ્ટોને વેઠીને પ્રતિજ્ઞા બોલીને પાળે છે, તે પૂર્ણ ત્યાગી છે. સુખની આશાઓનો ત્યાગ કરીને પ્રતિજ્ઞા પાળતાં ત્યાગીપણું પ્રાપ્ત થાય છે. સુખની આશાઓના ત્યાગની સાથે સર્વ પ્રકારની મમતાનો પણ ત્યાગ થાય છે. તેથી હૃદયમાં પૂર્ણ ત્યાગીપણું પ્રગટે છે. પ્રતિજ્ઞા પાલનમાં સર્વ સુખની આશાઓનો હોમ કરવામાં આવે છે, તેથી પૂર્ણ ત્યાગી ખરેખર પ્રતિજ્ઞા પાળક થાય છે. શીર્ષ મુંડાવા માત્રથી વા ભેખ વેષ પહેરવા માત્રથી ત્યાગીપણું પ્રાપ્ત થઈ શકતું નથી. પરંતુ પ્રતિજ્ઞા પાલનમાં સુખાશાઓના ત્યાગથી ત્યાગીપણું પ્રાપ્ત થાય છે. પ્રતિજ્ઞા પાળવા માટે દંડુકાકંદરની પેઠે ફાંસીના લાકડાપર શીર્ષ રાખવા જેવી પ્રવૃત્તિ કરવી પડે છે. પ્રતિજ્ઞા પાલનમાં અનેક કષ્ટો પડતાં ઇષ્ટ મિત્રો—સહાયકો પણ દૂર ખસી જાય છે. સ્વાશ્રયી બનીને દુઃખમાં સુખ માની કષ્ટનો પન્થ કાપવો પડે છે. પ્રતિજ્ઞા પાળવા માટે પહેલાથી ત્યાગી થવું પડે છે. બાદશાહોને કન્યાઓ ન આપવી એવી પ્રતિજ્ઞા પાળક રાજપુત રાજાઓના શીરે અનેક કષ્ટો આવી પડતાં તેઓ જંગલે જંગલ ભટક્યા. પરંતુ મુસલમાન બાદશાહોને કન્યાઓ આપી નહિ. તેઓ એકના બે થયા નહિ તેથી તેઓનાં કુલ ઉદયપુર રાણાજી સિસોદિયા કુલ માફક વખણાય છે.

ગુરૂઓ સાથે કરેલી પ્રતિજ્ઞાઓ માટે મિત્રો સાથે કરેલી પ્રતિજ્ઞાઓ માટે સ્વજન સાથે કરેલી પ્રતિજ્ઞાઓ માટે મિત્ર, ગુરૂ, બંધુ વિગેરેને આપેલાં વચનો પાળવા માટે કષ્ટો સહવાં પડે છે, પરંતુ કષ્ટોની વેઠી પાર જતાં સત્ય સુખની પ્રાપ્તિ થાય છે, એમાં અંશ માત્ર પણ સંશય નથી. પ્રતિજ્ઞા પાળવામાં મૂર્ધન્ય ત્યાગી બનનારાઓ આ વિશ્વમાં સર્વત્ર મહાદેવરૂપ ગણાય છે. બાહ્ય સુખોને તુચ્છ ગણીને તેને લાત મારીને શૂરવીર પુરૂષો પ્રતિજ્ઞા ટેક—વચનને પાળી શકે છે. પ્રતિજ્ઞા પાળક મનુષ્ય તોપ બંદુક, તરવાર, ફાંસી, સિંહ, અગ્નિ, આદિ કોઇથી ડરતો

પ્રસન્નતા તેજ ખરેખરી હિમ્મત છે. જ્યાં સુધી મનમાં ભય હોય ત્યાં સુધી ખરી કસોટીના પ્રસંગે પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થવાય છે. મનમાંથી ભીતિ પલાયન થવાની સાથે આત્મિક બળ ખીલવા માંડે છે. ભયાદિ વાસનાઓનો સર્વથા નાશ કરવો જોઇએ. મેરૂની પેઠે નિષ્પ્રકંપ મન થવાથી બોલેલા બોલને પાળવામાં અડગ રહી શકાય છે. ચાર વેદનું શ્રવણ, પઠન, કરવામાં આવે; એકસો ને આઠ ઉપનિષદો જાણવામાં આવે; અઢાર પુરાણ, કુરાન, બાયબલ, અને ઇતરેતર પુસ્તકોનું મનન કરવામાં આવે પરંતુ જ્યાં સુધી મનમાં ભયાદિ દોષોનું વાતાવરણ છે ત્યાં સુધી આત્મવીર્ય સ્ફુરાવી શકાતું નથી. આત્મવીર્યને સ્ફોરવીને પ્રતિજ્ઞા પાળવી હોય તો વિદેહી જનકની પેઠે સ્વાર્પણ કરવું જોઇએ. મહા યુદ્ધાદિ પ્રસંગોમાં યુરોપી રાજ્યોને સ્વપાદ નીચે લાવનાર વીર રત્ન નેપોલીયન બોનાપાર્ટની પેઠે નિર્ભય મન કરવું જોઇએ. તોપના ગોળાઓથી ઉડેલી ધૂળને તે આજ્ઞાપત્રો લખેલા તેના માટે બ્લોટીંગના સ્થાને કલ્પી લેતો હતો. તોપના ગોળા તેના હૃદયને કંપાયમાન કરી શકતા નહિ. નેપોલીયનની પેઠે ભયાદિ વાતાવરણથી રહિત મન કરીને બોલેલા બોલ પાળવાને સદા શૂરવીર બનવું જોઇએ. ઉત્તમ પુરૂષોના વચનમાં—જીન્હામાં—આખા વિશ્વનું સામ્રાજ્ય વસે છે. કારણ કે જો તેઓ પ્રતિજ્ઞા ભ્રષ્ટ થાય તો વિશ્વમાં સત્યનું તંત્ર તુટી જાય અને અસત્યનું જોર સર્વ સ્થળે થઇ જાય. પરંતુ વિશ્વના નિયમ પ્રમાણે ભૂત—વર્તમાન—અને ભવિષ્યમાં પણ સત્ય અને અસત્ય તો સાપેક્ષ રહેવાનાં. માટે બોલેલા વચનોની કિંમત સમજવી જોઇએ.

> અહો જે સ્વાર્થ વિષ્ઠાના—બની કીડા વચ્ચું ત્યાગે;
> કરે નિજ આત્મની હાનિ—કરે ન સ્વોન્નતિ સાચી. ૨૪

વિવેચન—અહો જે સ્વાર્થ રૂપ વિષ્ઠાના કીડા બનીને બોલેલા બોલને ત્યાગે છે તે પોતાના આત્માની હાનિ કરે છે અને સાચી સ્વાન્નોતિ કરી શકતા નથી. સ્વાર્થ કીટકો સત્ય સ્વાન્નોતિના પન્થમાં એક પગલું પણ મૂકી શકતા નથી. સ્વાર્થની આસમારીમાં સપડાયેલા

પ્રતિજ્ઞા પાળવા માટે પ્રાણત્યાગ એ ઉત્સવ સમાન આનન્દપ્રદ કર્તવ્ય સમજાય છે અને પ્રતિજ્ઞા પાલનથી સત્ય સ્વોન્નતિ સાધી શકાય છે એમ જગજાહેર કરવામાં આવે છે.

પ્રતિજ્ઞા ભંગ જે કરતા-ખરા તે ભંગીઓ જગમાં,
પ્રતિજ્ઞા ત્યાગ રૂપ વિષ્ટા-વદનમાં જે ગ્રહે પાછા—૨૫

વિવેચન—જગતમાં, હિંદુસ્થાનમાં વિષ્ટાના ઉપાડનારાઓને ભંગીઓ કહેવામાં આવે છે. ભંગીઓ નીચ મનુષ્ય છે. પરંતુ જ્ઞાનીઓ કથે છે કે તે ભંગીઓની જાતથી ભંગીઓ છે પરંતુ વાસ્તવિક ભંગીઓ તો જેઓ પ્રતિજ્ઞાઓ-(બોલેલા બોલને) પાળતા નથી તેજ જાણવા. જાતિથી ભંગીઓ વિષ્ટાના ટોપલાને ઉપાડીને નગર-ગામ-વા શહેર બહાર ફેંકી દે છે, અને પ્રતિજ્ઞા ભંગથી બનેલા ભંગીઓ તો પ્રતિજ્ઞા ત્યાગ રૂપ વિષ્ટાને પાછી મુખમાં ગ્રહણ કરે છે. અહાહા ! આ તેઓનું ભંગીપણું તો આશ્ચર્ય ઉપજાવે એવું છે. આ વિષે તેઓને ભાગ્યેજ ખ્યાલ હોય છે. જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં આવા પ્રતિજ્ઞા ભ્રષ્ટ ભંગીઓનો બજાર તો ખુલ્લો સમજવો. તેમાં દાખલ થવાને પાસની જરૂર હોતી નથી. એક વખત પ્રતિજ્ઞા-કોલ, વચનનો ભંગ કરો એટલે તમે પણ તે બજારના મેમ્બર થઈ ચૂકયા સમજવા.

શુભ કાર્યો કરવા માટે વા કોઇને વિશ્વાસ ભંગ નહિ કરવા સંબંધી વા રહસ્ય ભંગ નહિ કરવા સંબંધી આપેલી પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થઈ ગમે તેવા શેઠના વા રાજાના વા અધિકારીના વેશમાં રહેવા છતાં ભંગીના કરતાં વિશેષ ઉત્તમ જીવન તો નથીજ એમ ખાસ સમજવું. ભલે-પ્રાતઃકાળે ચાના કપ ઉડાવો, માલ મિષ્ટાન્ન ખાઓ, ચિરૂટ મોમાંથી દૂર નહિ મૂકવાની બાધા લો, પરંતુ રાત્રિ દિવસ તમારા હૃદયમાં પ્રતિજ્ઞા ભ્રષ્ટ રૂપી કીડો સદા હૃદયને કોતરી ખાશે એમાં લવલેશ શંકા નથી. આ વાત અનુભવ સિદ્ધ છે, એવું તેઓને સદા માલુમ પડે છે, પણ સ્વાર્થ તેઓને અંધ બનાવે છે. મનુષ્યોએ વચન આપતાં પૂર્વે હજાર વિચાર બલ્કે કરોડો વિચાર કેમાં

પ્રતિજ્ઞા પાળવા માટે પ્રાણત્યાગ એ ઉત્સવ સમાન આનંદપ્રદ કર્તવ્ય સમજાય છે અને પ્રતિજ્ઞા પાલનથી સત્ય સ્વોન્નતિ સાધી શકાય છે એમ જગજાહેર કરવામાં આવે છે.

પ્રતિજ્ઞા ભંગ જે કરતા–ખરા તે ભંગીઓ જગમાં,
પ્રતિજ્ઞા ત્યાગ રૂપ વિષ્ઠા–વદનમાં જે ગ્રહે પાછા—૨૫

વિવેચન—જગત્‌માં, હિંદુસ્થાનમાં વિષ્ઠાના ઉપાડનારાઓને ભંગીઓ કહેવામાં આવે છે. ભંગીઓ નીચ મનુષ્ય છે. પરંતુ જ્ઞાનીઓ કથે છે કે તે ભંગીઓની જાતથી ભંગીઓ છે પરંતુ વાસ્તવિક ભંગીઓ તો જેઓ પ્રતિજ્ઞાઓ–(બોલેલા બોલને) પાળતા નથી તેજ જાણવા. જાતિથી ભંગીઓ વિષ્ઠાના ટોપલાને ઉપાડીને નગર–ગામ–વા શહેર બહાર ફેંકી દે છે, અને પ્રતિજ્ઞા ભંગથી બનેલા ભંગીઓ તો પ્રતિજ્ઞા ત્યાગ રૂપ વિષ્ઠાને પાછી મુખમાં ગ્રહણ કરે છે. અહાહા ! આ તેઓનું ભંગીપણું તો આશ્ચર્ય ઉપજાવે એવું છે. આ વિષે તેઓને ભાગ્યેજ ખ્યાલ હોય છે. જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં આવા પ્રતિજ્ઞા ભ્રષ્ટ ભંગીઓનો બજાર તો ખુલ્લો સમજવો. તેમાં દાખલ થવાને પાસની જરૂર હોતી નથી. એક વખત પ્રતિજ્ઞા–કોલ, વચનનો ભંગ કરો એટલે તમે પણ તે બજારના મેમ્બર થઇ ચૂક્યા સમજવા.

શુભ કાર્યો કરવા માટે વા કોઇને વિશ્વાસ ભંગ નહિ કરવા સંબંધી વા રહસ્ય ભંગ નહિ કરવા સંબંધી આપેલી પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થઈ ભલે તેવા શેઠના વા રાજાના વા અધિકારીના વેશમાં રહેવા છતાં ભંગીના કરતાં વિશેષ ઉત્તમ જીવન તો નથીજ એમ ખાસ સમજવું. ભલે–પ્રાતઃકાલે ચાના કપ ઉડાવો, માલ મિષ્ટાન્ન ખાઓ, ચિરૂટ મોંમાંથી દૂર નહિ મૂકવાની બાધા લો, પરંતુ રાત્રિ દિવસ તમારા હૃદયમાં પ્રતિજ્ઞા ભ્રષ્ટ રૂપી કીડો સદા હૃદયને કોતરી ખાશે એમાં લવલેશ શંકા નથી. આ વાત અનુભવ સિદ્ધ છે, એવું તેઓને સદા માલુમ પડે છે, પણ સ્વાર્થ તેઓને અંધ બનાવે છે. મનુષ્યોએ વચન આપતાં પૂર્વે હજાર વિચાર લાખો કરોડો વિચાર કરવાં

છે, તે અન્યના પર સ્વમન આધિન રાખે છે, તેનામાં વિચારોની ક્ષણિકતાથી તે આખી દુનિઆમાં ધૂમકેતુ સમાન ભયંકર થઇ પડે છે. ક્ષણિક મનના મનુષ્યો કદાપિ પ્રતિજ્ઞા કરે છે, પરંતુ તેઓના વિચારો પાણીના પરપોટાની પેઠે ક્ષણિક હોવાથી તેઓની કરેલી પ્રતિજ્ઞાઓ, આપેલાં વચનો, જળતરંગ પેઠે ક્ષણિક નિવડે છે અને તેથી તેઓ દેશને, રાજ્યને, સમાજને, સંઘને, કુટુંબને અને મિત્રોને ભયંકર થઇ પડે છે. માટે ક્ષણિક મનના મનુષ્યોની પ્રતિજ્ઞાઓથી અને તેમને આપેલાં વચનોથી ચેતીને વર્તવું જોઇએ. ક્ષણિક મનના મનુષ્યોમાં વીર્યની મંદતાને લીધે, તેઓની પ્રતિજ્ઞાથી અન્ય મનુષ્યોને ઘણું વેઠવું પડે છે. ક્ષણિક મનના મનુષ્યો ક્ષણમાં મિત્ર બને છે અને ક્ષણમાં શત્રુ થાય છે. તેઓ ગમે તેવા દૃઢનિશ્ચયથી કાંઇ કહે તોપણ તે પાળી શકતા નથી. અમુક વખતે અમુક કાર્ય કરીશ. અમુક વખતે અમુક વાતને નહિ કરાશું, ઇત્યાદિ અનેક બાબતોનાં વચનોને ક્ષણિક મનુષ્યો આપે છે; પરંતુ અલ્પ દિવસના સમાગમથી તેઓની પ્રતિજ્ઞાઓની–બોલોની અસ્થિરતાથી તેઓ ક્ષણિક મનના છે તેમ સ્પષ્ટ જણાઇ આવે છે. શત્રુના મિત્ર બનનારા "ક્ષણે રૂષ્ટ ક્ષણે તુષ્ટ" એવા ક્ષણિક મનના મનુષ્યોની પ્રતિજ્ઞાઓપર અને આપેલાં વચનોપર વિશ્વાસ રાખવો તે ગરદન પર તરવાર મૂકવા બરોબર છે.

જેની પ્રતિજ્ઞાઓ–બોલેલા બોલો, વચનો–ફરે છે તેનું કર્યું અને માન્યું સર્વ ફરે છે. જેની પ્રતિજ્ઞા ફરે છે તેનું સર્વ ફરે છે. નીચમાં નીચ ગણાતો મનુષ્ય હોય પરંતુ પ્રતિજ્ઞા પાળવામાં એકકો છે તો તેનું જીવન ઉત્તમ થાય છે, પરંતુ જો ઉચ્ચજાતિનો ખાનદાન મનુષ્ય ગણાતો હોય અને વચન પાળવામાં ક્ષણિક મનનો છે તો તેનું સર્વ જીવન નકામાનુંજી છે. કોઇને વચન આપીને ન પાળવા કરતાં પ્રથમથી વચન –કોલ ન આપવો તે હજાર દરજ્જે ઉત્તમ છે. કે જેથી અન્ય મનુષ્યના હૃદયનો ઘાત તો ન કરી શકાય. મનુષ્યોએ યાદ રાખવું કે જેઓની પ્રતિજ્ઞાઓ ફરે છે, જેઓ બોલેલા બોલને થુંકની સાથે ગળી જાય છે, તેઓ કોઇના થયા નથી અને ત્રણકાળમાં કોઇના થવાના નથી. આ

ંશે પ્રતિજ્ઞા પાળકોની ઉત્પત્તિ તેટલે અંશે જગતની ન્નતિ થયેલી સમજવી. જે સમયનો વિચાર કરી દૂર રહે છે પ્રતિજ્ઞા પાલનથી ભ્રષ્ટ થાય છે, એટલુંજ નહિ પરંતુ વિશ્વમાં સર્વ ર્તવ્યથી ભ્રષ્ટ થાય છે. એવંબોધ પામીને પ્રતિજ્ઞા પાલનમાં કટિબદ્ધ થવું જોઇએ.

વચન આપી ફરી જાવે-કરે બોલ્યું અબોલ્યું જે,
ઉતારી કૂપમાંહિ તે-ઉપરથી દોરડું કાપે—૨૮

વિવેચન—જે મનુષ્ય વચન આપીને ફરી જાય છે, અને પોતાનું બોલ્યું અબોલ્યું કરે છે તે અન્ય મનુષ્યને કૂપમાં ઉતારીને ઉપરથી દોરડું કાપી નાખનાર જાણવો. વચન આપીને ફરી જવું તે તે મહા અધર્મ છે. બોલ્યું અબોલ્યું કરવું તે જીવતાં મરવા જેવું છે. વચન આપીને ફરી જનાર મનુષ્ય છતાં મનુષ્ય નથી; અને તે બોલ-નાર છતાં બોબડો છે. કોઇને વચન આપીને વિશ્વાસી બનાવી પશ્ચાત્ વચન ભંગ કરી તેને દુઃખના ખાડામાં ઉતારવો તે કોઇ રીતે યોગ્ય છે જ નહિ. મનુષ્ય જીવનના શ્વાસોશ્વાસ સમાન વિશ્વવ્યવહારમાં પ્રતિજ્ઞા પાલન પ્રવૃત્તિ છે, તે પ્રવૃત્તિનો લોપ થતાં વિશ્વવ્યવહારની અને ધર્મ વ્યવહારની હાનિ થાય છે. વચન આપીને ફરી જનાર મનુષ્ય પોતાનો વિશ્વ સાથેનો સંબંધ કાપી નાખે છે અને તે પ્રમાણિકતામાં પૂળો મૂકે છે. "બોલો તો કદાપિ ન ફરો" નહિં તો મૂકભાવ ગ્રહણ કરો. તરવા-રનો ઘા રૂઝે છે પરંતુ જે વચન આપીને ફરી જાય છે અને બોલ્યાને અબોલ્યું કરે છે તેનો ઘા, વાણી વિનોદના મલમ પટ્ટાથી પણ રૂઝતો નથી. માન મરતબાને ખાડામાં ફેંકી દઇને પ્રતિજ્ઞા પાળવી જોઇએ.

કરે લાખો પ્રતિજ્ઞાઓ-જુવાનો બાળ ને વૃદ્ધો
પ્રતિજ્ઞા પાળતા વિરલા-હૃદયને વાણીની ટેકે—૨૯

વિવેચન—યુવકો બાળકો અને વૃદ્ધો લાખો પ્રતિજ્ઞાઓ કરે છે પરંતુ તેમાંથી વિરલા મનુષ્યો હૃદય અને વાણીની ટેકે પ્રતિજ્ઞા પાળી શકે છે. મનુષ્યો, દરરોજ, મહીને વા વર્ષે અમુક પ્રસંગો પામીને

પ્રતિજ્ઞા પાળવા માંહિ-ખરી કિંમત માનવની
ખરી પ્રામાણ્યની કુંચી-પ્રતિજ્ઞા ભ્રષ્ટ શૂકર છે—૩૦

વિવેચન—મનુષ્યની સત્ય કિંમત પ્રતિજ્ઞા, વચન, કોલ,
પાળવામાં રહી છે, સત્ય પ્રમાણિકતાની કુંચી પ્રતિજ્ઞા પાળવી તે છે.
પ્રતિજ્ઞા ભ્રષ્ટ આત્મા ભૂંડ સમાન છે. ભૂંડ જેમ વિષ્ટાથી ઉદર નિર્વાહ
કરે છે તેમ પ્રતિજ્ઞા ભ્રષ્ટ મનુષ્ય પ્રતિજ્ઞા ભ્રષ્ટતારૂપ મલીન પદાર્થ ભક્ષ
કરીને જીવન વ્યતીત કરે છે. શૂકરને જેમ કોઇ માન આપતું નથી
તેમ વચન ભંગ કરનારાઓને કોઇ માનની દ્રષ્ટિથી જોતું નથી. શૂકર
જેમ મલીન દુર્ગંધિ જળવાળા ખાબોચીઆમાં પડી રહે છે તેમ પ્રતિજ્ઞા
ભ્રષ્ટ મનુષ્ય સ્વાર્થ, લોભ, કુડ, નીચતા, દોષોથી મલીન પાપના
ખાડામાં પડી રહે છે. ભૂંડના પરિવારથી જેમ ભૂંડનું રક્ષણ થતું નથી
તેમ પ્રતિજ્ઞા ભ્રષ્ટના પરિવારથી તેનું રક્ષણ થતું નથી. ભૂંડ જેમ
દેખાવમાં સુંદર લાગતું નથી તેમ પ્રતિજ્ઞા ભ્રષ્ટ મનુષ્ય સ્વઆત્મ
પ્રતિજ્ઞા લોપ રોગના ચિન્હોથી સુંદર લાગતો નથી. સદ્ભાગ્યે—જો
તેનો રૂપ સુંદર હોય પણ ઉત્તમ જનોને સારો લાગતો નથી. ભૂંડ
કરતાં પ્રતિજ્ઞા ભ્રષ્ટ એક રીતે તો ઘણોજ ખરાબ છે. ભૂંડ તો અન્યની
વિષ્ટા ભક્ષણ કરે છે પણ સ્વવિષ્ટા ભક્ષણ કરતું નથી. કિંતુ પ્રતિજ્ઞા ભ્રષ્ટ-
જનો તો પોતાના બોલો પાછા ખેંચી લઇને ભૂંડ કરતાં પણ વિશેષ નીચ-
તા વ્યતીત કરે છે. પશ્ચાત્યો ભૂંડને પાળે છે. કારણ કે ભૂંડ પણ તેઓને
ખાવામાં ઉપયોગી થઇ પડે છે. પરંતુ પ્રતિજ્ઞા ભ્રષ્ટ ભૂંડ તો સ્વવચનનો
અહિષ્કાર કરવાથી સ્વગુરૂનું, આચાર્યનું, કુટુંબનું, મોટાનું, ઉપરીનું,
માલીકનું; મિત્રનું, નૃપતિનું ભલું કરવા સમર્થ થતો નથી; તેઓના
રક્ષણને માટે સ્વજીવનની આહુતિ આપી શકતો નથી. કિંવા તેઓને
આપેલાં વચનો, કોલકરાર, પ્રતિજ્ઞાઓનો ભંગ કરી, તેઓનુંજ અહિત
કરવામાં કાંઇપણ કચાશ રાખતો નથી.

પ્રતિજ્ઞા મુક્તિ નિઃસરણી—પ્રતિજ્ઞા શક્તિમયદેવીઃ
પ્રતિજ્ઞાથી પડે તેનો-વિનિપાત જ થતો શતધા. ૩૧

વિવેચન-મહાભારતના યુદ્ધમાં જયદ્રથને દિવસના છેલ્લા ર સુધી મારવાને અર્જુને પ્રતિજ્ઞા કરી હતી. તે ખરી રીતે પાળી હતી. મહાભારતના યુદ્ધમાં ગાન્ડીવધન્વા જ ખરેખરો નાયક હતો. કૃષ્ણે દેવાએ પણ જેવું સારથિપણું કર્યું અને અર્જુનને પ્રતિજ્ઞા પાળવામાં સહાય કરી. ખરેખર પરમાત્માની, સન્ત મહાત્માઓની મહેરબાની હોય છે તોજ કરેલી પ્રતિજ્ઞાઓ સિદ્ધ થાય છે, અર્જુનના જેવી પ્રતિજ્ઞા કરનારા અને પાળનારા તો વિરલા મનુષ્યો દૃષ્ટ્યે જણાય છે. રાજકુલતિલક, વીરશ્રેષ્ઠ, મેવાડેશ્વર, રાજપુત સ્થાનના સાચા કોહીનૂર મહારાણા પ્રતાપસિંહના નામથી ભાગ્યેજ કોઇ ભારતવાસી અજાણ્યો હશે. જ્યારે જ્યારે કોઇપણ દેશ ઉપર, રાજ્ય ઉપર, કોમ ઉપર, સમાજ ઉપર, વા વ્યક્તિ ઉપર, અસહ્ય દુઃખ વા સંકટ આવી પડે છે. ત્યારે તેનું રક્ષણ કરવા માટે કોઇક અસામાન્ય વીર પુરૂષોનો ઉદ્ભવ થાય છે. જ્યારે આર્યો પ્રાચીન કાળમાં ધર્મ અને દર્શનશાસ્ત્રનાં સૂક્ષ્મ તત્ત્વોનું અનુસંધાન કરવામાં ગુંથાયા હતા, તે સમયે પણ વીરધર્મ અને યુદ્ધનીતિનો ઉત્કર્ષ કરવામાં પછાત પડયા નહોતા. અર્વાચીનસમયમાં પણ રાણા પ્રતાપસિંહ, ગોવિંદસિંહ, શિવાજી જેવા મહાપુરૂષોની કીર્તિનાં દૃષ્ટાંતો થોડાં મળશે નહિ. અને જે દૃષ્ટાંત મળશે તે વાંચ્યાથી આર્યોની વીર પ્રતિભાનું ઉત્તમોત્તમ દિગ્દર્શન થયા વિના રહેશે નહિ.

મહાપુરૂષોનું એક મુખ્ય લક્ષણ એ છે કે તેઓ પ્રથમ બહુ વિચાર કર્યા પછી કોઇ પણ કાર્ય કરવાની પ્રતિજ્ઞાનો નિશ્ચય કરે છે, અને જ્યારે કોઇ કાર્ય કરવાનો નિશ્ચય થાય છે ત્યારે જગતની કોઇ શક્તિ કિંવા વિધિ તેના કર્તવ્યમાર્ગમાંથી તેને વિચલિત કરી શકતાં નથી. મહાવીર પ્રતાપે જે સમયે દૃઢ પ્રતિજ્ઞા કરી કે દેશના શત્રુ મોગલોના હસ્તમાં સ્વદેશ, અને સ્વધર્મનું વેચાણ કરવું નહિ; તે સમયે મહાન પરાક્રમશાળી, પ્રજાપ્રિય અકબરશાહનું સૈન્યબળ, અર્થ બળ, અને પ્રપંચબળ તેમની સ્હામે નિરર્થક થઇ પડયું. મોગલ સૈન-

કરી હતી. "પ્રતિજ્ઞા તે સાચું નામ"." આ જગતમાં સમસ્ત વસ્તુઓ અનિત્ય અને અસત્ય છે; રાજ્ય અને ધન સમસ્ત નાશ પામે છે પરંતુ એક મહા પુરૂષની અસીમ કીર્તિ સર્વદા અમર રહે છે. (મહારાણા) પ્રતાપસિંહે પોતાનું રાજ્ય, ધન ઇત્યાદિ સમસ્ત પદાર્થોનો ત્યાગ કર્યો પરંતુ તેમણે કોઈ પણ સમયે કોઇના સ્હામે પોતાનું શિર નમાવ્યું નથી. ભારતવર્ષના સમસ્ત રાજકુમારોમાં (રાજપૂત રાજાઓમાં) કેવળ તેઓજ પોતાના પવિત્ર ક્ષત્રિય કુળના ગૌરવનું રક્ષણ કરી શકયા. (ખાનખાના.) ઉપરોક્ત લેખથી માલુમ પડશે કે એક મુસલમાને પણ પ્રતાપની કીર્તિનું, તેમની પ્રતિજ્ઞાનું, તેમના વીરત્વનું ખરૂં ધ્યાન કર્યું છે. પ્રતિજ્ઞા સંગાથી તો પ્રતાપના પ્રમાણેજ પાળવી જોઇએ.

પ્રતિજ્ઞામંત્રની કરણી, ચલાવે દેવતાઓનેઃ
ચલાવે સર્વ લોકોને, રૂચે છે સિદ્ધ લોકોને. ૩૮

વિવેચન—પ્રતિજ્ઞામંત્રની કરણી ખરેખર દેવતાઓને દ્રવ્યથી અને ભાવથી ચલાવી શકે છે, અને તેમજ સર્વ લોકોને ચલાવી શકે છે. પ્રતિજ્ઞાની મંત્ર કરણી ખરેખર સિદ્ધ લોકોને રૂચે છે. પ્રતિજ્ઞા મંત્રની કરણીનું એટલું બધું બળ છે કે તે ત્રણ ભુવનને પણ ચલાયમાન કરવા શક્તિમાન થાય છે. પ્રતિજ્ઞામંત્રની કહેણીથી નહિ પરંતુ પ્રતિજ્ઞા મંત્રની કરણીથી આપણે દેવતાઓને ચલાયમાન કરવા શક્તિમાન્ થઇએ છીએ. અખિલ વિશ્વના લોકોને પ્રતિજ્ઞા મંત્ર કરણીથી એવું કે વ્યવસ્થા વડે વ્યવસ્થિત કરવા શક્તિમાન્ થઇએ છીએ. જેઓ મહાત્માના પદને પામ્યાં છે; એવા મનુષ્યો પ્રતિજ્ઞામંત્રની કરણી વડે જે ધારે તે કરી શકે છે. કાળા માથાનો મનુષ્ય સંકલ્પબળવડે ધારે તે કરી શકે છે. પ્રતિજ્ઞામંત્રની કરણી વિના કોઇ સિદ્ધ થયો નથી, વર્તમાનમાં થતો નથી અને ભવિષ્યમાં થનાર નથી. પ્રતિજ્ઞામંત્રની કરણીમાં જેટલું સંકલ્પબળ રહે છે તેટલું સિદ્ધત્વ ન્યૂન અવબોધવું



ભંગ કર નહિ અભિમાન, ઇર્ષ્યાથી પુત્રાદિને વચનનો ભંગ ના કર. આ વિષયને નાના હૃદયના પગે પગે ધારણ કર.

પ્રતિજ્ઞાઓથી પડેલાઓ, જગત્‌માં અન્યને પાડે;
કદી ના સંગતિ કરજે, થશે સંગત અસર તેની. ૪૪

વિવેચન—પ્રતિજ્ઞાથી પતિત મનુષ્યો જગત્‌માં અન્ય મનુષ્યોને પાડે છે. હે મનુષ્ય ! એવા પ્રતિજ્ઞાથી પતિત મનુષ્યોની સંગત કર નહિ. તેઓની સંગતિથી તેઓના વિચારો અને પ્રતિજ્ઞા પતિત આચારોની ત્હને અસર થશે. જેવી સંગતિ તેવી અસર થઈ થાય છે અને થવાની. જેવો સંગ તેવો રંગ બેસે છે. પુસ્તકો કરતાં સંગતની અસર વધારે થાય છે. પ્રતિજ્ઞાપાલન, પ્રતિપાદક પુસ્તકો કરતાં પ્રતિજ્ઞાપાળક મનુષ્યોની સંગતિથી પ્રતિજ્ઞાપાલન કરવા માટે અત્યંત અસર થાય છે. પ્રતિજ્ઞા પાલનથી ભ્રષ્ટ થયેલા મનુષ્યોની સંગતિથી વિજળી કરતાં પણ અધિક ઝડપથી પ્રતિજ્ઞાભ્રષ્ટતાથી અસર થાય છે. 'એક ભ્રષ્ટ થયેલ સોને ભ્રષ્ટ કરે અને એક સુધરેલો સોને સુધારે' એમ જે કહેવામાં આવે છે તે સત્ય છે. પતિવ્રતા ધર્મ-પાલનરૂપ પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયેલ ગુજરાતના રાજા કરણ ... રાણીએ સ્વધર્મનો નાશ કર્યો, અને પોતાની પુત્રીને પોતાના ... ભ્રષ્ટ કરવા પકડી મંગાવી. હજારો સ્વદેશીઓના રકતની નદી વહેરાવી. હિંદુધર્મનું સત્યાનાશ વાળી નાખ્યું. ભારત પરદેશી બુત્મી બેડીઓમાં સંકડાઈ ગયો. पतितः पातयति सर्वम् ! આ સર્વાંશે સત્ય છે એક નાક કપાયેલ મનુષ્ય સોના નાક કપાવીને જોયા કરે છે. પ્રતિજ્ઞાઓ, ટેક, વચન, આધાઓ, ... જ્યાં ત્યાં રાકડો ... છે. પરંતુ પ્રતિજ્ઞાઓનું ... કો તો આં ... તેટલા અલ્પ.

[illegible]

[illegible]

ડીમાં મારે. તે પ્રમાણે પતિત મનુષ્ય અન્યોને ડુબાડવાના
માથાં કરે છે પ્રતિજ્ઞાના વ્હાણનો રસ ચાખશે એ ય.વીર,
ફરોનાં ભાગ્ય છે. હે મનુષ્ય !!! તું કદાપિ પ્રતિજ્ઞા પતિત
સંગત કર નહિ. પડતો મનુષ્ય અન્યને પાડે છે કહેવત છે
ડુબાડે અને પડતો પાડે." ગમે તેવી પ્રતિજ્ઞામાં મનુષ્ય સ
તો પણ પ્રતિજ્ઞાથી પતિતની સંગતિ કરતાં અવશ્ય પડવાનુ
પૃથુરાજ ચોહાણનો પ્રધાનપુત્ર વિજયસિંહ પોતે સ્વદેશ
પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયો, અને તેની સંગતિ કરનારાઓને તે
આંબા અને લીંબડા બન્ને એકજ સ્થાનમાં ઉગેલી મે
હોય છે અને પરસ્પર બન્નેનાં મૂળ ભેગાં ઓતપ્રોત થઈ ગ
છે, તો લીંબડાની સંગતિથી આંબાની કેરીની મીઠાશમાં ફેરફા
યતः अंबस्सय निंबस्सय दुन्हंपिसमागयाइं मूलाइं, संस
ग्गेण विणठ्ठो अंबो निंबत्तणं पत्तो ॥ વચન ભંગ કરનારાઓને તો સો
નમસ્કાર કરવાની જરૂર છે.

વચનની ટેક ધરવાનું, શિખ્યો નાતો શિખ્યો તું શું
પ્રતિજ્ઞા પાળતાં શિખ્યો, શિખ્યો ત્યારે સકળ બીજુ

વિવેચનઃ—હે આત્મન્ ! જો તું વચનની ટેક ધર
શિખ્યો તો અન્ય શું શિખ્યો ? અર્થાત્ કાંઈ પણ શિખ્યો ન
| પ્રતિજ્ઞા પાળવું એમ શિખ્યો તો અન્ય સર્વ કળા શિખ્યો
કારે અવશ્ય જાણવું. આગમો, ચાર વેદ, એકસો આઠ ઉપનિષદ,
ઇબલ, વિગેરે અન્ય પુસ્તકો વાંચીને, વિજ્ઞાનાદિ અનેક વિષ
ભ્યાસ કરીને મહા વિદ્વાન્ ગણાયો હોય તો પણ જો પ્રતિજ્ઞા
તું ના શિખ્યો તો તું કાંઈ પણ શિખ્યો નથી. કરોડો પુસ્ત
ભ્યાસ કરીને મગજના જ્ઞાનતંતુઓને થકવી નાખી મહાવિ
કે તું પ્રખ્યાત થયો. હોય તોપણ વચન પાળવાનું હૃદય શિ
તેં શિખ્યું નથી તેથી ત્હારૂં સર્વ પ્રકારનું લીધેલું શિક્ષણ
છે, 'વ્યર્થ છે, કિંમત વગરનું છે–

ફરી જતી જીભલડી જે, પ્રતિજ્ઞા બોલીને ક્ષણમાં;
અહો એ જીભ સર્પિણી, રહે ત્યાં ભય કહો કેવો? ૪૬

વિવેચન—પ્રતિજ્ઞા બોલીને જે જીહ્વા ક્ષણમાં પ્રસંગોપાત ફરી જાય છે તે જીહ્વા ખરેખર કાલીનાગણના જેવી છે. એવી જીહ્વાનો જ્યાં વાસ છે ત્યાં ઘણોભય રહેલો છે. પ્રતિજ્ઞાબોલીને ફરી જનારી જીભડીને સર્પિણીની ઉપમા આપવામાં આવે છે તે ખરેખર યોગ્યજ છે. સર્પિણી જ્યાં રહે છે ત્યાં લોકોને ઘણોજ ભય હોય છે. સર્પિણી જેને કરડે છે તેનો નાશ કરે છે. તદ્‌ન જીહ્વારૂપ સર્પિણી જે મુખમાં રહે છે, તેનાથી આખુવિશ્વ ડરતું રહે છે, અને જીહ્વારૂપ સર્પિણી જેને કરડે છે તેનો નાશ કરે છે. નિત્યાત્મસુખ તો આવી નાગણીને જીતવામાંજ છે. સત્પુરૂષો કદાપિ સ્વજીહ્વાને સર્પિણી બનાવતા નથી. માટે અન્ય સુજ્ઞમનુષ્યોએ પ્રતિજ્ઞાથી ફરી જઇને કદાપિ સ્વજીહ્વાને કાલીનાગણ બનાવવી જોઇએ નહિ. જેના મુખમાં પ્રતિજ્ઞાથી બદલાતી જીભલડી રૂપ સર્પિણી વસે છે, તેને કદાપિ જંપીને બેસવાનો વખત આવતો નથી. દરેકમનુષ્યે હમેશાં અલ્પ બોલવાની ટેવ પાડવાથી કદાપિ જીહ્વા, સર્પિણી બનતી નથી. કોઇથી ફરીજનારી જીહ્વારૂપ સર્પિણી જ્યાં વસે છે ત્યાં સદાકાલ અશાંતિ અને ભયનો વાસો છે, એવું જાણીને સુજ્ઞમનુષ્યોએ બોલેલા બોલથી ફરી ન જવું જોઇએ.

શરીરો નહિ અમર રહેતાં, મળ્યું તે ભિન્ન થાવાનું;
જગતની લાલચો છોડી, પ્રતિજ્ઞા પાળજે પૂરી. ૪૭

વિવેચનઃ-પ્રતિજ્ઞા પાળવા માટે ખાસ ઉપદેશ આપવામાં આવે છે. મનુષ્યોનાં શરીરો અમર રહેતાં નથી. સપ્તધાતુની ચંદીકાયા બનેલી છે. આત્માને જે જે પુદ્‌ગલયોગે મળ્યું છે તે એકદિવસ ભિન્ન થનાર છે. કોઇનું શરીર સદાકાળ રહ્યું નથી અને રહેવાનું નથી. તો પછી શરીરની મમતા ધારણ કરીને પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થવાની જરૂર છે? અલબત્ત કાંઇ પણ જરૂર નથી. પ્રતિજ્ઞા નહિ

... તો પછીપ્રતિ
... મના શાશ્
... નથી કરેરે
... મનુષ્યો તેમ
... નવન દરાજાઓ
... ઓ પણ સાઇ
... ઋષિયો, મનુ
... દેહ છોડી
... કે

यदा मेरुः श्रीमान्निपतति ...
समुद्रा शुष्यन्ति ...
धरा गच्छत्यन्तं ...
शरीरे का वार्ता करिकलभकर्णाग्रचपले ॥

એક ક્ષણ પણ કેઇની સ... નથી, તો પછી એવી લક્ષ્મીહીન પૂજારી ... સ્વકર્તવ્યપરાયણતાથી વિમુખ થવું જોઇએ ... અને ... પણ સ્વકર્તવ્યતની આવશ્યકતા ... વચન, ટેકની ... વિશેષકિમ્મત છે સગાં કુટુંબી પણ સદાકાળ સાથે રહેતા નથી પક્ષીના મેળાના જેવી તેમની સ્થિતિ છે અમર ... નથી ..., ... નથી રહેતા, આકાશમાં ... ની સ્થિતિ છે. સ્વાત્માની પ્રતિજ્ઞાપાલન મહત્તા ... અન્યકેઇની મહત્તા નથી તો પછી ... દુનિયાના સામું જોઇ સ્વપ્રતિજ્ઞાથી શામાટે ભ્રષ્ટ થવું જોઇએ, પ્રતિજ્ઞા, વચન, ટેકના માટે ઇંગ્લાંડ, ફ્રાન્સ વિગેરે રાજ્યો વર્તમાનમાં ચાલતા યુદ્ધામાં લાખોમનુષ્યોની આહુતિ આપે છે બાહ્ય વૈષયિકસુખો પણ સદાકાળ રહેતા નથી તો પછી વૈષયિક સુખો અને વૈષયિકપદાર્થોની લાલચથી પણ સ્વયોગ્ય આવશ્યક જે જે પ્રતિજ્ઞાઓ, ટેકો બોલો છો, તેનાથી શા માટે ભ્રષ્ટ થાઓ છો? શરીર,

... વૈષયિકપદાર્થો કરતાં સ્વપ્રતિજ્ઞા વચન ટેકની ઘણી અમરતા,
...યોગિતા અને આવશ્યકતા છે, એવું ખાસ લક્ષમાં રાખવું જોઇએ.
...કવખત ફરીથી શ્રીમદ્ ભર્તૃહરિના વૈરાગ્યશતકનું વાચન કરીએ
...દા મનુષ્યની કેવી સ્થિતિ છે, તેનો તો જરા ખ્યાલ કરો ! નિશ્ચિંત
...દા મનુષ્યની ... ગાડીઆટોરની માફક, રાસભની માફક ભાર વહન કરતાં છતાં પણ
...એકવખત નીચેના શ્લોક તરફ ધ્યાન આપો.

कृच्छ्रेणामेध्यमध्ये नियमिततनुभिः स्थीयते गर्भवासे,
कान्ताविश्लेषदुःखव्यतिकरविषमो यौवने चोपभोगः ।
नारीणामप्यवज्ञा विलसति नियतं वृद्धभावोऽप्यसाधुः,
संसारे रे मनुष्या! वदत यदि सुखं स्वल्पमप्यस्ति किंचित् ॥

અહા ખરેખર આ સંસારમાં નિશ્ચલ સુખ નથી. પ્રતિજ્ઞા પાળ
વાથીજ સુખની પ્રાપ્તિ થઈ શકે છે; કારણ કે પ્રતિજ્ઞા પાલનથી હૃદય
પુલકિત થાય છે, આનંદ પામે છે, અને તેથીજ સંસાર સુખમય બને
છે. પ્રતિજ્ઞાનું પાલન; જતન. સેવન, તેજ વસ્તુસ્થિતિ તપાસતાં અતિ
મધુર છે. પ્રતિજ્ઞા પાલનની સુવાસ મનુષ્યના હૃદય ઉપર પ્રસરાવી રહે છે.

હે મનુષ્ય !!! તું જગત સંબંધી અર્થાત્ જગતના પદાર્થો સંબંધી
જે જે દુષ્ટ લાલચો રાખતો હોય તે તે દુષ્ટવાસનાઓને ત્વરિત
તેજ પ્રતિજ્ઞાપાલનપંથમાં પ્રવર્તાવીને તે લાલચોને દૂર કરી
દઇને પ્રતિજ્ઞા પાળવી જોઇએ. પ્રતિજ્ઞા પાળવાથી અનેક પ્રકારનું સુખ
થાય છે આત્માની શક્તિયોનો વિકાસ થાય છે. માટે જગતના પદા-
ર્થોની લાલચમાં ન ફસાતાં પૂર્ણપણે પ્રતિજ્ઞા પાળ. પ્રતિજ્ઞાનું રહસ્ય
સ્વયમેવ તને જણાશે.

નપુંસક-ને ગભરાવાનો, પ્રતિજ્ઞાથી હઠે પાછો।
પ્રતિજ્ઞા લે ફરે ફરી, પછી એ માનવી શાનો ? ૪૮
પ્રતિજ્ઞાની ખરી ટેકે, વધે છે નેક માનવનો:
વડે વિશ્વાસ તેનો બહુ, કરે એ કાર્ય ધારેલાં. ૪૯

મનુષ્યોએ પ્રતિજ્ઞા પાલન કરવા માટે અને તેથી જગતમાં વિશ્વાસ મેળાવવા માટે સ્વાર્પણ કરવું જોઇએ. નિયમિત પ્રતિજ્ઞાને ઉચ્ચ કોટીપર લાવવાને વિચાર કરવો જોઇએ.

પ્રતિજ્ઞાને ત્યજે બીકે, વિપત્તિયો પડે ત્યારે;
વિપત્તિયો સહી પૂરી, પ્રતિજ્ઞા પાળતો શૂરો. ૫૦

પ્રતિજ્ઞા પૂર્ણ પાળકની, ચરણ ધૂલી જ પૂજાતી;
અહો તે ધૂલીમાં પણ કંઇ, ભરાતું સત્ત્વ પૂજ્યજ છે. ૫૧

વિવેચન—જ્યારે શીર્ષપર વિપત્તિયો આવીને પડે છે, મૃત્યુ સામું મર્દન કરીને ઉભું રહે છે, ખાવા પીવાના સાંસા પડે છે, અનુકૂળ સંયોગો ફરી જઇને પ્રતિકૂલ દેખાય છે, સ્વપક્ષના મનુષ્યો સામા પક્ષમાં પેસીને શત્રુ બને છે, શીતાતપનાં કઠીન અસહ્ય દુઃખો સહન કરવાં પડે છે, લોકો ધિક્કાર આપે છે, કોઇ મનુષ્ય પણ પોતાને આશ્વાસન આપવા એક શબ્દ તો શું પણ એક શબ્દની વર્ગણા માત્ર પણ કહેતો નથી. લોકો પોતાની હાંસી કરે છે અને આધિ, વ્યાધિ, અને ઉપાધિથી ઘેરાઇ જવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. મનુષ્ય પાસેથી લક્ષ્મી દેવી વિદાયગિરી માગીને પલાયન કરી જાય છે. જો કે મનુષ્ય તેનો તે છે, તેજ ઇન્દ્રિયો છે, તેજ નામ છે છતાં મનુષ્ય ધનરહિત થતાં ભાગ્યશાળી, વિચિત્ર બની જાય છે. ભર્તૃહરિ કહે છે કેઃ—

तानीन्द्रियाणि सकलानि तदेव नाम,
सा बुद्धिरप्रतिहता वचनं तदेव ।
अर्थोष्मणा विरहितः पुरुषः स एव,
त्वन्यः क्षणेन भवतीति विचित्रमेतत् ॥

અહા લક્ષ્મીદેવીની કૃપા અલૌકિક છે. પરંતુ પ્રતિજ્ઞા દેવી તો તેથી અધિકપદ મનુષ્યના હૃદય ઉપર ધારણ કરીને સ્વર્ગની સિદ્ધિ નિસરણિ પ્રાપ્ત કરવાને મનુષ્યના જીવનને ઉત્તેજીત કરે છે. જ્યારે

થાય છે. વ્રત, ટેક, પ્રતિજ્ઞાપાળકોનાં જ્યાં શરીર પડ્યાં છે તે
તે સ્થાને તે લોકો તીર્થ માનીને પૂજે છે, વંદે છે. નમે છે. ત્યાંના
આન્દોલનોને હૃદયપુટમાં ઉતારે છે તીર્થની ઉત્પત્તિ ખરેખર
મહાપુરૂષોના સ્પર્શ તથા શરીરત્યાગ વિગેરેથી થઇ હોય
છે. હિંદુસ્થાનમાં ટેકીલાવ્રતધારી પ્રતિજ્ઞાપાલક ઘણા થયા છે,
તેથી હિંદુસ્થાનને આર્યદેશ તરીકે મહાપુરૂષો કથે છે પ્રતિજ્ઞાવ્ર
પાળનારાઓનું આર્યાવર્ત મહાસ્થાન છે મહાવીર. કૃષ્ણ. રામ, ગૌતમ
બુદ્ધ, યુધિષ્ઠિર, દ્રોણાચાર્ય, ભીષ્મપિતામહ, કંગુકાઇરંદ, મહમ
પેગમ્બર, કબીર, તુળસીદાસ, હેમચન્દ્ર અને તુકારામ, તીર્થકરો. મહા
પુરૂષો, મહાત્મા ગણાતા અનેકમહાપુરૂષોની ચરણધુળવડે આર્યા
વર્ત પવિત્ર થયો છે." તેથી આર્યદેશની એક ચપટી ધુળમાં પ
અનેક શુભ સાત્વિક ગુણનું વાતાવરણ સમાયુ છે, તેથીજ તે પાંચ
ખરી તો શું પણ અખિલ વિશ્વમાં સુવર્ણભૂમિ તરીકે ગણાય છે,
આરાધ્ય દેશ ગણાય છે." મહાન્ઇંગ્લીશો પણ તેજ દેશને હર્ષ
સમૃધિના, વૈભવ અને મહાન્ સત્યની પ્રાપ્તિના વિચારો આગમ
તે એનેથી દેશમાં રહેવાને ઉત્સુક બની જાય છે. તેઓમાં કેટલાક
આ દેશમાં જો જન્મ્યા હોત તો તેઓનુ જીવન ભાગ્યશાળી થા
એવું માને છે. સ્વામી વિવેકાનંદ એવાઓને અમેરીકામાં " આર્યાવર્ત
એક ચપટી ધુળમાં જે સત્ય રહ્યું છે તે અન્યદેશમાં નથી " એ
જે કહ્યું છે તે ખરેખર પ્રતિજ્ઞાપાલક પુરૂષો, ભક્તો, યોગીઓ અ
સતીઓની ટેકની પવિત્રતા માટે છે.

> વિવેકે સહુ વિચારીને, પ્રતિજ્ઞા ધારવી પશ્ચાત્;
> કરીને તું ડરીશ ના કંઇ, મરણ છે સર્વના માથે. પ

વિવેચન—વિવેકથી વિચાર કરીને પ્રતિજ્ઞા કરવી જોઇએ
વિવેક વિનાની પ્રતિજ્ઞાઓ કરવામાં લાભને બદલે ઘણી હાનિ પ્રા
થાય છે. જે કંઇ કરવું તે વિચારીને કરવું. જે કંઇ બોલવું તે વિચારી
બોલવું. જે જે પ્રતિજ્ઞાઓ કરવામાં આવતી હોય તેમાં લક્ષ યો



ટ ચક્રેશના ગમ્માડે મરણ આવે છે ત્યારે તે ગ્રહીને ગમે ત્યા જાય ટો પણ તે મર્યા વિના રહેવાનો નથી અતએવ પ્રતિજ્ઞાપાલનમા જીવતાં મૃત્યુ પામવું એ સર્વ મરણમા શ્રેષ્ઠ મરણ છે " એક મહર્ષિઓ સૌને ભારે " એ કહેવત યાદ કરીને પ્રતિજ્ઞાપાલન માટે જીવવું તેજ સત્યજીવન માની પ્રવર્તવુ જોઇએ જે મનુષ્ય મરણ ભયથી ડરતો નથી તેજ પ્રતિજ્ઞાપાલન કરી શકે છે હાલમા યુરોપ દેશમાં મહાભારત યુદ્ધમાં દશ દેશહિતાર્થે પ્રતિજ્ઞાપાલનમાં લાખો મનુષ્યોના પ્રાણ હોમાય છે. શ્રીમહાવીરપ્રભુના ચેટક મામા કે જે વિશાલા નગરીના રાજા હતા તેઓએ ક્ષત્રિયધર્મરૂપ પ્રતિજ્ઞાપાલન કરવા માટે કોણિક રાજાની સાથે બારવર્ષપર્યંત યુદ્ધ કર્યું હતું તેથી તેઓ પ્રતિજ્ઞાપાલન ગુણથી અક્ષરદેહે અમર થયા છે. શ્રીવીરપ્રભુના દશ શ્રાવકોએ સારી રીતે અણુવ્રતોની દેવતાઓના ઉપસર્ગ થયા છતાં પણ પ્રતિજ્ઞાઓ પાળી હતી, તેથી તેઓની શ્રીવીર પ્રભુએ પ્રશંસા કરી હતી. તે વર્ધમાન દેશના વગેરે ગ્રન્થોના અવલોકનથી અવબોધાય છે. આ વિશ્વમાં મરણ સમાન કોઇ દુઃખ નથી, તેને પણ અમૃત સમાન ગણીને સતીઓ પતીવ્રતની પ્રતિજ્ઞાને પાળે છે. તેઓને ચિતા એક પુષ્પની સમાન લાગે છે અને અગ્નિ પણ સુખકર લાગે છે. પ્રતિજ્ઞાના ભંગ કરતાં મરવું કોઇ અપેક્ષાએ કરોડ ઘણું શ્રેષ્ઠ છે. માટે હે મનુષ્ય !!! તું ગમે તે જાતનો હોય, બાળ હોય, વૃદ્ધ હોય, વા યુવક હોય, નર હોય વા નારી હોય; પરંતુ તેં જે પ્રતિજ્ઞા અંગીકાર કરી હોય તેને મૃત્યુપર્યંત ત્હારે પાળવી જોઇએ. સર્વના માથે મરણ છે. આ વિશ્વમાં કોઇ શરીરથી સદા અમર રહેવાનો નથી તો પશ્ચાત્ ત્હારે પ્રતિજ્ઞાપાલનમાં મૃત્યુ થાય તેથી શા માટે ડરવું જોઇએ ! પ્રતિજ્ઞા પાલન કરતાં જેઓ મરે છે તેઓને અપ્સરાઓ વરે છે અને તેઓનો આત્મા ઉચ્ચ શુદ્ધપ્રગતિમાન બને છે. અતએવ ઉપર્યુક્ત દૃષ્ટાંતોનો ભાવાર્થ હૃદયમાં વિચારીને વિવેકપૂર્વક પ્રતિજ્ઞા કરી મૃત્યુપર્યંત પાળવી જોઇએ. પ્રતિજ્ઞાપાલન સમાન કોઇ તપજપ નથી, પ્રતિજ્ઞા-પાલન સમાન કોઇ સ્વાર્થત્યાગ નથી, પ્રતિજ્ઞાપાલન સમાન કોઇ

જીવન્તધર્મ નથી, અતએવ ગુરૂગમપૂર્વક કોઇ જાતની પ્રતિજ્ઞા ગ્રહણ કરવી અને પશ્ચાત્ તેને પ્રાણાંતે પણ પાળવી એજ ઉત્તમ સભ્ય મનુષ્યોનું કર્ત્તવ્ય છે. ફ્રાન્સનો વીર સેનાપતિ જ્યારે દેશના ઉદ્ધાર માટે લડવાને સૈનિકોના મહાન લશ્કરમાં જવા નિકળ્યો ત્યારે તેનું શરીર ધ્રુજવા લાગ્યું, કંપ થયો, સ્વેદથી ભીંજાઈ ગયું, પરંતુ પ્રતિજ્ઞા પાલન ગુણનું વીર્ય તેના આત્મપ્રેરીત ગુણોવડે ઉછળી રહ્યું [illegible] રગે રગમાં પ્રસરી રહ્યું હતું, ભીરૂઓનો તે સેનાપતિ હતો [illegible] દેશમાં 'જોહન ઓફ આર્ક' જેવી વીર પુત્રીઓનો જન્મ થ[illegible] દેશના રક્ષણ માટે આજ તે તૈયાર થયો હતો. સ્થૂળ શરી[illegible] [illegible] નૈતિક બળને હઠાવવા કેટલો પ્રયત્ન [illegible] [illegible] જગત્માત્ર સદા રહેવાનો છે એવું તે [illegible] છે પરતુ નૈતિકબળ એ એક [illegible] આ પ્રકારના વિચિત્ર ખા[illegible] [illegible] જાય છે.

[illegible] સંબોધીને [illegible]

[illegible]

રિયેન્ઝીનું પ્રતિજ્ઞાપાલન માટે આત્મત્યાગ.

રોમના છેલ્લા ટ્રીબ્યુન રીયેન્ઝીના નામથી ઇતિહાસનું
ચિંતન કરનાર કોઇ પણ અજાણ્યો હશે નહિ. રોમનો-ઇટાલી
ઉદ્ધાર કરવો એવી એક સામાન્ય મનુષ્ય પ્રતિજ્ઞા કરે. અનિશ્ચિત
મનઃ સંયોગોમાં સ્વપ્રતિજ્ઞાને પાળવી એ કાંઇ સામાન્ય વાત
રીયેન્ઝીએ સર્વ મગરૂબ ઉમરાવોનો અભિમાન દૂર કરી પ્રજાનું
સાચવ્યું. દેશનું નખ્ખોદ કાઢનારાઓનું જડમૂળ ઉખેડી નાખ્યું; પ
દેશની તેની હયાતીમાં પરિપક્વ સ્થિતિ થયેલી નહોતી. એક વ
કટકો ખાતો, જેને એક વખત દેશનું નાનું બાળક સુદ્ધાં માન આપ
શત્રુઓ તેની બીકથી દૂર નાશી ગયા હતા, તેજ રીયેન્ઝીને
વખત રોમ છોડીને ચાલવું પડયું. બીકણો પ્રતિજ્ઞાઓથી ચ્યૂત
પરંતુ વીર પુરૂષો તો પ્રાણાંતે પણ સ્વપ્રતિજ્ઞાને છોડતા નથી.
રીયેન્ઝી બીકણ હતો વા વીર હતો. તેના હૃદયમાં પ્રતિજ્ઞાની સ
છાપ પડેલી હતી. તેથીજ ઘણાં સંકટો સહન કર્યા પછી તેણે રો
ફરીથી ઉદ્ધાર કર્યો. લોકની શકમાં આવ્યો કે, આપણા જેવો સા
મનુષ્ય શું રાજ્ય કરે ? બસ રીયેન્ઝીનો સત્યાનાશ વાળ્યો.
વીર પુરૂષ સ્વજીવનની પણ દરકાર કરતો નથી. તેણે એક વ
રોમના લોકોને પોતાનું ભાષણ સાંભળવા કહ્યું પણ સાંભળે કોણ
પ્રતિજ્ઞા પાળતાં આ વીર પુરૂષે સ્થૂળદેહનો ત્યાગ કર્યો.

પ્રતિજ્ઞા પાળવા માટે, બને તે કર ઉપાયોથી;
વિપત્તિઓ પડે પહેલી, પછીથી સહુ ખસી જાવે.

વિવેચન—મનુષ્ય હાસ્ય પ્રમાદપનો ત્યાગ કરીને પ્રતિ
પાળવા માટે ઉપાયોથી જે જે બને તે કર ! પ્રતિજ્ઞાવડે રહેલું

વિવેચન—પ્રતિજ્ઞા કોને શોભે છે તે જણાવવામાં આવે છે. ...નીને અને સંતને પ્રતિજ્ઞા શોભે છે. બહાદુર-શૂરાના મુખથી પ્રતિજ્ઞાની હાકો પડે છે. બહાદુરના મુખે પ્રતિજ્ઞાના શબ્દો શોભી શકે છે કાય-રના મુખથી પ્રતિજ્ઞાના નીકળેલા શબ્દો શોભી શકતા નથી. ધીરની હાકો ખરેખર ધીરના મુખે શોભે છે. સિંહના મુખથી સિંહનાદ નીકળે છે તેથી વનચર પશુઓ કંપે છે, તદ્વત્ ધીરના મુખથી પ્રતિજ્ઞાના શબ્દો નીકળે છે તેથી અન્ય મનુષ્યો જયજયધ્વનિથી તે શબ્દોને વધાવી લે છે. શિવાજી અને પ્રતાપરાણો જ્યારે સભામાં પ્રતિજ્ઞાની ધીરહાકથી ગર્જારવ કરતા હતા ત્યારે સર્વ મનુષ્યોની સભા ગાજી ઉઠતી હતી. બહાદુર ધીરની પ્રતિજ્ઞા ફેરવવાને કોઇ પણ શક્તિમાન્ થતું નથી. હાથીના નીકળેલા દંતશૂળ પાછા પેસતા નથી, તદ્વત્ ધીર મનુષ્યો પોતાની પ્રતિજ્ઞાનો કદાપિ ભંગ કરતા નથી. બહાદુરના દંતી-દંત સમ બોલ છે તે કદાપિ તેના મુખમાં પાછા પેસતા નથી. પ્રતિજ્ઞાપાલકો ખરેખરા બહાદુર ગણાય છે. પ્રતિજ્ઞાપાલકોની બરા-બરી કરવાને કોઇ સમર્થ થતું નથી. ગુરૂજી નિવેદે છે કે—ન્યાયીને પ્રતિજ્ઞા શોભે છે, ન્યાય વિના પ્રતિજ્ઞાનું પાલન થઇ શકતું નથી, અન્યાયી મનુષ્ય પ્રતિજ્ઞાનું ન્યાયત્વ અવબોધી શકતો નથી, અતએવ ન્યાયીને પ્રતિજ્ઞા શોભે છે એવું જે ઉપર્યુક્ત પદમાં આલેખ્યું છે તે વાસ્તવિક છે. જેઓ કર્મયોગીઓ થયા છે તેઓ પ્રતિજ્ઞાને નિષ્કામ-પણે પાળે છે. અતએવ યોગીને પ્રતિજ્ઞા શોભે છે એવું જે પદમાં આલેખાયું છે તે યથાતથ્ય છે. ધીરને પ્રતિજ્ઞા શોભે છે. જેનામાં ધૈર્ય નથી એવા કલબ કાયર મનુષ્યોનું પ્રતિજ્ઞાપાલન કાર્ય નથી. કાયર મનુષ્યોને માથે શીંગડાં નથી પરંતુ તેઓ પ્રતિજ્ઞા કરીને તેનો ભંગ કરે છે તેથી તેઓ કાયર છે એમ દુનિયા જાણી શકે છે. ધીર પુરૂષોના સંકલ્પો પ્રતિજ્ઞા રૂપ છે. કાયરના સંકલ્પો જળમાં ઉઠેલ પરપોટાઓની પેઠે ક્ષણિક છે, અતએવ ધીર પુરૂષને પ્રતિજ્ઞા શોભે છે એમ લખ્યું છે તે યથાતથ્ય છે.

ફલંગો સિંહની જેવી, પ્રતિજ્ઞા શૂરની તેવી;
પ્રતિજ્ઞાનાં વચન જૂદાં, પ્રતિજ્ઞાનાં હૃદય જૂદાં. ૫૭

વિવેચનઃ—પ્રતિજ્ઞા કોને શોભે છે તે જણાવવામાં આવે છે. જ્ઞાનીને અને સંતને પ્રતિજ્ઞા શોભે છે. બહાદૂર—શૂરાના મુખથી પ્રતિજ્ઞાની હાકો પડે છે. બહાદૂરના મુખે પ્રતિજ્ઞાના શબ્દો શોભી શકે છે. કાયરના મુખથી પ્રતિજ્ઞાના નીકળેલા શબ્દો શોભી શકતા નથી. વીરની હાકો ખરેખર વીરના મુખે શોભે છે. સિંહના મુખથી સિંહનાદ નીકળે છે તેથી વનચર પશુઓ કંપે છે, તદ્વત્ વીરના મુખથી પ્રતિજ્ઞાના શબ્દો નીકળે છે તેથી અન્ય મનુષ્યો જયજયધ્વનિથી તે શબ્દોને વધાવી લે છે. શિવાજી અને પ્રતાપરાણો જ્યારે સભામાં પ્રતિજ્ઞાની વીરહાકથી ગર્જારવ કરતા હતા ત્યારે સર્વ મનુષ્યોથી સભા ગાજી ઉઠતી હતી. બહાદૂર વીરની પ્રતિજ્ઞા ફેરવવાને કોઇ પણ શક્તિમાન્ થતું નથી. હાથીના નીકળેલા દંતુશળ પાછા પેસતા નથી, તદ્વત્ વીર મનુષ્યો પોતાની પ્રતિજ્ઞાનો કદાપિ ભંગ કરતા નથી. બહાદૂરના દંતીદંત સમ બોલ છે તે કદાપિ તેના મુખમાં પાછા પેસતા નથી. પ્રતિજ્ઞાપાલકો ખરેખરા બહાદૂર ગણાય છે. પ્રતિજ્ઞાપાલકોની બરાબરી કરવાને કોઇ સમર્થ થતું નથી. ગુરૂજી નિવેદે છે કે—ન્યાયીને પ્રતિજ્ઞા શોભે છે, ન્યાય વિના પ્રતિજ્ઞાનું પાલન થઇ શકતું નથી, અન્યાયી મનુષ્ય પ્રતિજ્ઞાનું ન્યાયત્વ અવબોધી શકતો નથી, અતએવ ન્યાયીને પ્રતિજ્ઞા શોભે છે એવું જે ઉપર્યુક્ત પદ્યમાં આલેખ્યું છે તે વાસ્તવિક છે. જેઓ કર્મયોગીઓ થયા છે તેઓ પ્રતિજ્ઞાને નિષ્કામપણે પાળે છે. અતએવ યોગીને પ્રતિજ્ઞા શોભે છે એવું જે પદ્યમાં આલેખાયું છે તે યથાતથ્ય છે. ધીરને પ્રતિજ્ઞા શોભે છે. જેનામાં ધૈર્ય નથી એવા કહામ કાયર મનુષ્યોનું પ્રતિજ્ઞાપાલન કાર્ય નથી. કાયર મનુષ્યોને માથે શીંગડાં નથી પરંતુ તેઓ પ્રતિજ્ઞા કરીને તેનો ભંગ કરે છે તેથી તેઓ કાયર છે એમ દુનિયા જાણી શકે છે. ધીર પુરૂષોના સંકલ્પો પ્રતિજ્ઞા રૂપ છે. કાયરના સંકલ્પો જળમાં ઉઠેલ પરપોટાઓની પેઠે ક્ષણિક છે, અતએવ ધીર પુરૂષને પ્રતિજ્ઞા શોભે છે એમ લખ્યું છે તે યથાતથ્ય છે.

ફેલંગો સિંહની જેવી, પ્રતિજ્ઞા શૂરની તેવી;
પ્રતિજ્ઞાનાં વચન જૂદાં, પ્રતિજ્ઞાનાં હૃદય જૂદાં. ૫૭



થયો વિદ્વાન્ તથાપિ શું ? મળી પદવી તથાપિ શું ?
વધી ઉમ્મર તથાપિ શું ? પ્રતિજ્ઞા ટેક ના ધાર્યો. ૫૮

વિવેચન:—અરે મનુષ્ય ! તું આગમો, ન્યાય, વ્યાકરણ, ...ષ, સંહિતા, જ્યોતિષ વિગેરે જાણીને વિદ્વાન થયો હોય પરંતુ જો તું પ્રતિજ્ઞા ટેક-વચનને ધારણ કરતાં શિખ્યો નહિ તો તારા સર્વ શિક્ષણ ઉપર પાણી ફરી ગયું. ચાર વેદ, ઉપનિષદો, બાઇબલ, કુરાન, ત્રિપિટ... શાસ્ત્રો, જૈનશાસ્ત્રો, ગીતા, રામાયણ, મહાભારત વિગેરે અનેક શાસ્ત્રોનું વાચન, અધ્યયન, અને શીખણપદ્ધતિથી જ્ઞાન પ્રાપ્ત કરીને કોઇ મોટો વિદ્વાન્ થાય પરંતુ સર્વ શાસ્ત્રોનો મુખ્ય પાઠ પ્રતિજ્ઞાપાલન ગુણ ન ગ્રહ્યો તો તેથી વાસ્તવિક ફળ પ્રાપ્ત થતું નથી. હૃદયમાં ગુણ્યું અહારે ત્હારા કાર્યક્રમને આધારભૂત થવાને પ્રતિજ્ઞા ગુણને ...તરી રાખ. વેદીઆ ઢોરની માફક ગોખવાથી કાંઇ કીર્તિની પ્રાપ્તિ થતી નથી. રાસભવત એક જગ્યાએથી બીજી જગ્યાએ ભાર વહન કરવાથી રાસભને કાંઇ લાભ થતો નથી તદ્વત્ માનસિક શક્તિયોને ઘટાડનાર ...રાથાદ્દશાથી કંઇ લાભ થતો નથી, તે તું સારીરીતે સમજી શકે છે. માટે ખરેખર જો તું વિદ્વાન્ છે તો પ્રતિજ્ઞા પાળવાને સદા તૈયાર રહે. પ્રતિજ્ઞારૂપી સ્વર્ગની કુંચીને ગ્રહણ કર. સ્વર્ગનાં દ્વાર ત્હારા હસ્તે ઉઘાડવાં હોય તો પ્રતિજ્ઞાદેવીની પાસેથી શુભ આરાધન વડે તેની કુંચી પ્રાપ્ત કર.

પ્રતિજ્ઞાને ધારણ કરી સદા તેનું વહન કરવું જોઇએ. અનેક કવિઓ થઇ ગયા, તત્ત્વજ્ઞાનીઓ થઇ ગયા, વિદ્વાનો થઇ ગયા, રાસડા ગાનાર ગરીબ ભરવાડ પણ થઇ ગયા, કિંતુ જેઓએ પ્રતિજ્ઞાને ધારણ કરી હતી તેઓનાં કાર્યો અધુના પણ સંશોધનથી હયાત છે. અરે ભલા વિદ્વાન્ ! ત્હારી વિચારશ્રેણિની બહાર તો નહિ હોય કે હજારો કવિયો, વિદ્વાનો, વીરો, બહાદૂર થઇ ગયા પરંતુ તેઓમાંથી જેઓ પ્રતિજ્ઞાભ્રષ્ટ થયા તેઓનાં નામો અમર રહ્યાં નથી. પ્રતિજ્ઞાથી જે કાર્ય કરવામાં આવે છે તેથી તે વખતની સામાજીકસ્થિતિને તો લાભ થાય છે અને થવાનો, મનુષ્ય કરોડોવર્ષસુધી અધ્યયન કર્યા કરે, પરંતુ

ું તે હજાર દરજ્જે ઉત્તમ છે. પ્રતિજ્ઞાની ટેકજ આ સંસારમાં
ુની લેપ્રીને સુવર્ણની બનાવે છે અને સુખમય સંસાર કરે છે. તે
નસિક સ્થિતિ સુધારે છે. નૈતિક જગતનું સામ્રાજ્ય ચારે તરફ
સ્તારે છે. અતઃપ્રતિજ્ઞાની ટેકને પ્રાપ્ત કરવા તત્પર રહેવું જોઇએ.
મર વધવાથી અગર પદવી પ્રાપ્ત કર્યાથી ફુલાઇ જવું નહિ.
વસાર એ છે કે ઉંમર વધતાં અને પદવીઓ મળ્યાથી પ્રતિજ્ઞા-
ાલનજીવનવિના આત્મોન્નતિ, દેશોન્નતિ, સંઘોન્નતિ, વિશ્વોન્નતિ
અને ધર્મોન્નતિ થઇ શકતી નથી.

બન્યો રાજા તથાપિ શું ?, બન્યો વક્તા તથાપિ શું ?
બન્યો લેખક તથાપિ શું ?, વચન બોલી ફરી જાતાં. ૫૯

બન્યો સાધુ તથાપિ શું ?, બન્યો શિક્ષક તથાપિ શું ?
મળી લક્ષ્મી તથાપિ શું ?, કરીને કોલ તોડયા તો. ૬૦

વિવેચનઃ—હે આર્ય !!! યદપિ તું પ્રતિજ્ઞાભંગ કરીને રાજાની પદવીથી જીવતો હોય ત્હોયે શું ! કદાપિ તું વક્તા બનીને લાખો કરોડો મનુષ્યોને રંજ્યા હોયે શું ! લેખક બનીને લાખો મનુષ્યોનાં મન આકર્ષ્યાં હોય ત્હોયે શું ! પ્રતિજ્ઞા કરીને ફરી ગયેલ વક્તા વા લેખક બનવાથી કંઇ સ્વાત્મગુણોની વૃદ્ધિ થતી નથી. ચક્રવર્તિ રાજા હોય તોપણ પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થવાથી તેનું પ્રામાણ્ય નષ્ટ થાય છે. પ્રતિજ્ઞાપાલનગુણ વિનાના રાજાઓની વસ્તુતઃ કોડી જેટલી પણ કિંમત નથી. સત્તા માત્રથી જીવવું જેટલાથી જીવવાનું પ્રયોજન કદાપિ સિદ્ધ થતું નથી, પરંતુ પ્રતિજ્ઞાપાલનપ્રામાણ્યગુણથી સ્વજીવનની રક્ષતા સિદ્ધ થાય છે. વક્તાની વા લેખકની પદવી પ્રાપ્ત કરવી કહેલ છે પરંતુ પ્રતિજ્ઞાપાલન ગુણની પ્રાપ્તિ કરવી તે મહા દુર્લભ છે. પ્રતિજ્ઞાપાલન આદિ ગુણોનાં અવરોધકે જગતને સર્વથી મૂકાવ્યું પ્રતિજ્ઞાપાલન ... ગુણ પ્રાયઃ લાખોમાં કોઇ બેમાં દેખાય છે. વક્તાઓમાં પ્રતિજ્ઞાપાલન ગુણ પ્રાયઃ લાખોમાં કોઇ બેમાં દેખાય છે. લેખકોમાં પ્રાયઃ વિરલા લેખકો.માં પ્રતિજ્ઞાપાલન પ્રામાણ્ય ગુણ દેખાય છે. હજારો રાજાઓમાંથી પ્રાયઃ આઠ રાજાઓમાં પ્રતિજ્ઞા પાલન

પ્રતિજ્ઞાનો ભંગ કરીને સંપૂર્ણ દુનિયાને પગે લગાડવા માત્રથી ઇ કોઇ સાધુ તરી જતો નથી. પ્રતિજ્ઞાભંગ કરીને જીવવું તે જીવવા બરોબર છે. સાધુઓએ બને ત્યાં સુધી મૌન રહેવું અને દાપિ બોલવું તો યથાર્થ બોલવું સાધુઓએ બોલ બોલીને, કોલ રીને કદિ ભ્રષ્ટ થવું નહિ. પ્રતિજ્ઞાપાલનગુણ વિનાના શિક્ષકો, પ્રોફેસરો, પોતાના જીવનની તથા વિદ્યાર્થિઓના જીવનની પ્રગતિ કરવા સમર્થ થતા નથી. 'બાપ તેવા બેટા અને વડ તેવા ટેટા' જેવી કહેણી પ્રમાણે પ્રતિજ્ઞાપાલકશિક્ષકોના શિષ્યો પ્રતિજ્ઞાપાલક બની શકે છે અને પ્રતિજ્ઞા ભ્રષ્ટ શિક્ષકોના શિષ્યોમાં પણ પ્રાયઃ તેવી દશા પ્રગટે છે. પ્રતિજ્ઞાપાલનગુણવિનાનું શિક્ષણ તે શિક્ષણ તરીકે ગણાતું નથી. પ્રતિજ્ઞાપાલન ગુણવિનાના શિક્ષકોથી ખરી ઉચ્ચ કેળવણીની પ્રાપ્તિ થઇ શકતી નથી. લક્ષ્મીથી સહસ્રકરપ—જેંટલમેન-બાબુ બનવાથી પણ કંઇ વળતું નથી. પ્રતિજ્ઞા કરીને જેઓ સ્વાર્થ, લોભ, ભય, દ્વેષાદિ દુર્ગુણોના તાબે થઇ આત્મજીવનરૂપ શુભ જ્યોતિને કલંક લગાડે છે, તેઓ ભલે સુખી જેવા દેખાય પરંતુ તે ખરેખરા સુખી અને વિશ્વાસ્ય થઇ શકતા નથી. લક્ષ્મી, સત્તા, વિદ્વત્તા અને મહત્તાની પ્રાપ્તિ થઇ શકે છે, પરંતુ પ્રતિજ્ઞાપાલનગુણની પ્રાપ્તિ થવી મહા દુર્લભ છે. અતએવ લક્ષ્મી, સત્તા અને વિદ્વત્તા કરતાં પ્રતિજ્ઞા પાળવામાં સદા સ્વાર્પણ કરવું જોઇએ.

શયો લોચક હોંયે શું ? ભણ્યા ઇલ્કાબ હોંયે શું ?
પ્રતિજ્ઞા ભ્રષ્ટ થવાથી, ફરે છે સર્વપર પાણી. ૬૨

વિવેચનઃ—ઘડી ઘડીમાં વચન આપી બોલીને ફરી જનારા અને લક્ષ્મીના લોભે અનીતિસાગરપ્રવાહમાં તણાતા લક્ષાધિપતિ, કરોડાધિપતિ ચોડિયા થવાનું હોયે શું ? અર્થાત્ કંઇ નહિ. સ્વાર્થવૃત્તિના ચોડીયાઓને લક્ષ્મીથી ચોડીયા કહેવામાં ખુશામતીયાઓ આગળ પડતો ભાગ લે છે. પ્રતિજ્ઞા પાલન ગુણ વિના અસત્ય વચનથી જીવનારા ચોડીયાઓની અપ્રમાણિકતાથી વિશ્વને વસ્તુતઃ કંઇ

बके शुं ! बोलवाथी बहु, बके शुं ! धर्मना ढोंके;
वचन बोली फरी जातां, नहीं विश्वास रहेवानो. ६३

बके शुं ! बहु विचारोथी, बके शुं ! खूब वाचनथी;
बदी वचनो फरी जातां, नथी हिम्मत टकानी रे. ६४

वळ्युं शुं ! ध्यानमां फरतां, वळ्युं शुं ! पंथमां पेसे;
वळ्युं शुं ! मूछ आंबळवे, वचन बोली फरी जातां. ६५

વિવેચન—પ્રતિજ્ઞા પાલનગુણની પ્રાપ્તિ વિના [illegible] બન્યો તેથી શું ? તેમજ તું પરીક્ષક બન્યો હોય તેથી શું ? હે મનુષ્ય ! તેં જો પ્રતિજ્ઞા ટેક ન ધારણ કરી તો ત્હારો માનવનો જન્મ [illegible] નિષ્ફલ છે. પ્રતિજ્ઞા ટેક ધાર્યા વિના બહુ બોલવાથી કશું વળતું નથી અને ધર્મના ઢોંગે પણ પ્રતિજ્ઞા પાલન કર્યા વિના આત્મોન્નતિ થતી નથી. હે મનુષ્ય ! ત્હારે હૃદયમાં નક્કી માનવું કે વચન બોલીને ફરી જતાં વિશ્વજનોમાં વિશ્વાસ રહેવાનો નથી. પ્રતિજ્ઞા ટેક ધાર્યા વિના બહુ વિચારો કરવાથી પણ કંઈ વળતું નથી, તેમ પુસ્તકોના ખૂબ વાચનથી પણ કંઈ વળતું નથી. બહુ વિચારો કરીને અને ખૂબ વાચન કરીને પણ જો પ્રતિજ્ઞા પાળી નહીં તો ખરેખર બહુ વિચારોની અને ખૂબ વાચનની નિષ્ફલતા થાય છે હે મનુષ્ય ! [illegible] [illegible] પ્રતિજ્ઞા- [illegible]

રાજપુતોને ધર્મ ભ્રષ્ટ કરી
અભડ્યો હશે ! એ મુગલ શહેનશાહે કેટલો પ્રતિજ્ઞા
ભીરુતામાં દાક્ષિણ્યતાનો ગુણ દર્શાવ્યો, તે શહેનશાહ ઉપર,
ક્રૂર હતો તે સર્વને વિદિત છે સ્વાર્થ, કપટ, અને મોજશોખના
હરકોઈ સાધનોવડે સ્વેચ્છા પ્રમાણે વર્તન કરનાર, બહિર્દર્શી લોકનું
હિત સમજાવનાર શહેનશાહે રાજપુતોની સ્ત્રીઓની મર્યાદા ઉપર
એક વખત તરાપ મારી, રાજપુતકન્યાઓ સાથે લગ્ન કર્યા છતાં
વિષય વાંછનાના લાગનો દંભ રાખનાર નૃપતિ "ખુશરોજ" ના બાઝ-
રમાં કેવી છુપી રીતે રાજપુત કન્યાઓના અને અંગોના સુન્દરતિ દર્શ-
દર્શન કરતો હતો તે વિશેષ પ્રકારે કહેવાની જરૂર નથી. અકબર
બાદશાહનો 'ખુશરોજ' નો બજાર ભરવામાં શું હેતુ હતો ! તે હેતુ
કેવી રીતે પાર પાડતો હતો તે સવ મેવાડનો ઇતિહાસ વાંચ્યાથી
માલમ પડશે. પરંતુ પ્રતિજ્ઞા ભ્રષ્ટની કેવી સ્થિતિ થાય છે તેનું ધ્યાન
કરવાનો અમારો વિચાર છે. પ્રિય વાંચક ! જરા ધીમો થા. ઉતાવળે
આંબા પાકતા નથી. શાંત સ્વભાવની ઘણી જરૂર છે ગહિરદી ભપકામાં
લલચાઈ જતા અંગનું પ્રતિજ્ઞા ચારિત્ર્ય પણ સાચવવાની ઘણીજ જરૂર છે.

અકબર બાદશાહે પ્રતિજ્ઞા કરી હતી કે ખુશરોજના બાઝરમાં
આવનાર સ્ત્રીઓની લાજ લુંટીશ નહિ. આવી તેની પ્રતિજ્ઞાથી હિન્દુ
રજવાડાઓ પોતાની સહીઓને ત્યાં મોકલતા હતા.

મહારાજ અકબરના દરબારમાં પૃથ્વીસિંહ નામનો સામંત હતો,
તેની સ્ત્રી ઉપર ખુશરોજના બજારમાં પડદે સંતાઈ રહેલા બાદશા
અકબરની દૃષ્ટિ પડી. પૃથ્વીરાજની સ્ત્રીના મનનો ભ્રષ્ટ કરવામાં
આવ્યો. વીરપત્ની મહાદુઃખી અને નિરાશ્રય થઈ એકાંતમાં
બાગના ઝીણા રીવાજ પ્રકારને તેણે રોક નહુમાને દ-લખ કરતાં
બેઠો. વીર ક્ષત્રિય સ્વરૂપને. અવત કરી એક બનાવે કે એ
સર્વ રાજપુતાણીઓ તે વખતમાં રાખતી હતી, તેને બહારથી છરી
સરખો ચાંપ્યો. અકબર પ્રથમ તો ઉતાવળ કીધો તે ક્ષત્રિયાણીને
હાથ તાણ્યો પરંતુ જ્યારે કાંઈ ન બન્યું ત્યારે તે કમો

પ્રવૃત્તિમાં પડયા છે. તેઓનું લક્ષ્યબિંદુ તો ધનનો સંચય કરવો અને પ્રામાણ્યનો ભંગ કરીને મોજશોખમાં મશગુલ રહેવું. ગમે તે રીત્યા ધન પ્રાપ્ત કરવું. આવી રીતે જો લક્ષ્મી પ્રાપ્ત કરવામાં આવે તો વચનના ભંગનો દોષ અવશ્ય આવ્યા વિના રહેતો નથી. જ્યાં કરોડોની સંખ્યામાં સ્વજાતીય, એકદેશીય મનુષ્યો ત્રણ ત્રણ દિવસના અંતરે પણ રોટલાનો ટુકડો પ્રાપ્ત કરતા નથી ત્યાં લાખો મનુષ્યો સ્વમોજશોખમાં, વેશ્યાએના ગૃહોમાં, ગાનારીઓના નાચ ઉપર ફીદા થાય છે. નહિ આરોગવા યોગ્ય પદાર્થોનું સેવન કરે છે; એટલુંજ નહિ પરંતુ જાહેર સભાઓના માચડા ઉપર સ્વધનની બડાઈમાં તણાતા દેશોદ્ધારના મોટા લાંબા વાનરપુચ્છવત્ ભાષણોની ભવાઈઓમાં તાળીઓના ગડગડાટ શ્રવણ કરવાને માચડા ઉપર પુલપીટ ઉપર આવી સ્વજાતજાતિનાં ભાષણો આપે છે, એ કેટલું શોચનીય છે ! સર્વ જાણે છે કે આપ શીપાંચે કેટલાં વચનનો ભંગ કરીને ધન પ્રાપ્ત કર્યું છે અને કેવી રીતે તેવા ધનનો વ્યય કરે છે. અહા ! હિંદુસ્થાનમાં જ્યાં સુધી આવા હજારો મનુષ્યો વસે છે ત્યાં સુધી કોઇ પણ રીતે આર્થિક વા [illegible] ઉન્નતિનું ચિંહ પણ દેખાય તે આકાશકુસુમવત્ છે. જ્યારે [illegible] હદ ઉપરાંત અત્યંત ફેશન વધી ત્યારે આધુનિક વિગ્રહે [illegible] એની ફેસનની સ્થિતિમાંથી લોકોને જાગ્રત કર્યા. ફેસન [illegible] શિક્ષણ આપવાનો સમય આવ્યો. વસ્તુસ્થિતિ આવી [illegible] છતાં પણ આધુનિક અર્ધદગ્ધ ઈંગ્લીશ ભાષાની કેળવણી [illegible] સુધરેલાનું લક્ષ્યબિંદુ મોજશોખ, મિષ્ટભોજન, સ્વાર્થ, [illegible] દેશાઓની સ્થિતિ, એટલામાં સમાયલું માલમ પડે છે. [illegible] પરદેશની પધારીના એક ખુણામાં વિચારશો કે [illegible] ધન પ્રાપ્ત કર્યું છે. અનેક તેવા અંગ્રેજોએ [illegible] જાહેર આપી છે. આવા કેટલાક વચન ભંગી [illegible] લોકો હિંદીઓનું પ્રામાણ્ય સ્વીકારતા નથી. [illegible] ત્યારે હિંદુસ્થાનની ઉન્નતિને માટે [illegible] કેટલી દુઃખદ ભાન કરાવે છે ! પ્રિય [illegible]

પરંતુ હાલ તે પ્રમાણે
કેટલાક મનુષ્યોએ પ્રતિજ્ઞા કરી હતી, [illegible] બાબત વાંચવાથી વા
[illegible] અલ્પ સંખ્યામાં નીકળી આવશે. કોઈ બાબત વાંચવાથી વા
[illegible] પ્રતિજ્ઞા લેવાનો એકદમ મનોરથ થઈ આવે છે, પરંતુ તેથી
[illegible] જોયા વિના પ્રતિજ્ઞા લેઈ પુનઃ ભ્રષ્ટ થવાનો વખત
આવે છે પ્રતિજ્ઞાપાલનની યોગ્યતાનો પૂર્ણ અનુભવ કર્યા વિના પ્રતિજ્ઞા
લેવાથી આત્મગૌરવની હાનિ થાય છે અને લોકોમાં અપ્રમાણિક બનવું
પડે છે. નિયમમાં દાખલ થયેલ વિષયોમાંથી એક બે મૂકી વાળીને બાકી
[illegible] પણ લાગે છે, તેમ કોઈ મનુષ્ય
[illegible] પણ [illegible]
પ્રતિજ્ઞા [illegible] છે તે. તેની પાલના [illegible] પણ [illegible]
છે અને તેઓ [illegible] પ્રથમ જે પ્રતિજ્ઞા છોડે છે તે બને છે કોઈ
[illegible]

દયાકારક પ્રતિજ્ઞા, સત્યવચન પ્રતિજ્ઞા, બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા, પરોપકાર પ્રતિજ્ઞા, આધ્યાત્મિક પ્રતિજ્ઞા, બાહ્ય પ્રતિજ્ઞા, સંયમ પ્રતિજ્ઞા, મૌન પ્રતિજ્ઞા, તન પ્રતિજ્ઞા, અવ્રત પ્રતિજ્ઞા, સુધારવાની પ્રતિજ્ઞા, કુધારવાની પ્રતિજ્ઞા, ક્ષેત્ર પ્રતિજ્ઞા, શોષણ પ્રતિજ્ઞા, દેશોદ્ધારક પ્રતિજ્ઞા, ધર્મ દ્વારક પ્રતિજ્ઞા, સત્યગ્રાહક પ્રતિજ્ઞા, મધ્યસ્થ પ્રતિજ્ઞા, ન્યાયી પ્રતિજ્ઞા, અન્યાયી પ્રતિજ્ઞા, આદેય પ્રતિજ્ઞા, હેય પ્રતિજ્ઞા, આક્ષેપ કારક પ્રતિજ્ઞા, સંવરકારક પ્રતિજ્ઞા, વચનાર્થ પ્રતિજ્ઞા, ઇચ્છાથી પ્રતિજ્ઞા, સુદેવ ગુરૂ, ધર્મ આરાધક પ્રતિજ્ઞા, ઉચ્ચ પ્રતિજ્ઞા, નીચ પ્રતિજ્ઞા, સરલભાવે પ્રતિજ્ઞા, વિષમભાવે પ્રતિજ્ઞા, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી સર્વ પ્રકારે ઉન્નતિકારક પ્રતિજ્ઞા ઇત્યાદિ શુભાશુભ અનેક પ્રકારની પ્રતિજ્ઞાઓનું સૂક્ષ્મપૂર્વક સ્વરૂપ સમજવું જોઇએ અને પશ્ચાત્ વય, શક્તિ, કાલ, સુખ, સામર્થ્ય, પ્રભૃતિ આદિનો વિચાર કરીને પ્રતિજ્ઞાઓ કરવી જોઇએ. જે કાલે જે આદર્યાથી સ્વલાભ, કુટુંબલાભ, ધર્મલાભ, દેશલાભ, સમાજલાભ, વિશ્વલાભ, સુખ, તથા ખ્યાતિ આદિની પ્રાપ્તિ થતી હોય તેવી પ્રતિજ્ઞાઓને આદરવી જોઇએ. અશુભ, અધમ્ય, પાપકારક, દુર્નિતિકારક પ્રતિજ્ઞાઓ કરી હોય તો તેઓનો ત્યાગ કરવો જોઇએ. અશુભ પ્રતિજ્ઞાઓ કરવી નહિ અને કરી હોય તો તેનો ત્યાગ કરવાથી સ્વપરની હાનિ થતી નથી. પ્રભૃતિ વિરોધક અશુભ પ્રતિજ્ઞાઓના ત્યાગથી ધર્મ છે પણ અધર્મ નથી જેથી સર્વ પ્રકારની શુભ પ્રગતિ થતી હોય અને અલ્પહાનિપૂર્વક બહુ લાભ થતો હોય તો તે પ્રતિજ્ઞાને શુભમાં લેવી તેનો આદર કરવો અને તેમાં પ્રાણાર્પણ કરવામાં પાછું હઠવું નહિ. ગંભીર અને ધીર બનીને સમયના જ્ઞાતા થઇ પ્રતિજ્ઞાને કરવી અને પશ્ચાત્ પાળવામાં પ્રાણાર્પણ કરવું ગંભીર મનુષ્યોની પ્રતિજ્ઞાઓ ત્વરિતપૂર્ણ થાય છે. મનુષ્યોની પ્રતિજ્ઞાઓ જગજાહેર થાય છે. ગંભીર મનુષ્યો પ્રતિજ્ઞા કરવી તેમાં અનેક વિઘ્નો ઉપસ્થિત થાય છે અને ધૈર્યથી અનેક પરિષહો, વિઘ્નો પાલનમાં યુક્તિપૂર્વક પ્રવર્તે છે અને ધીર, ગંભીર, બનવાનો લાભ... વીર સમર્થ બને છે. અતએવ ગંભીર, ધીર, બનવાની... પ્રાપ્ત કરીને શુભ યોગ્ય પ્રતિજ્ઞાઓ કરવી જોઇએ. દુનિયાના અને વિષયોની લાલસાઓ, તૃષ્ણાઓ, વાસનાઓને વશ તજી કરવી

श्री अध्यात्मज्ञानप्रसारक मंडळ.

(સ્થાપન-જ્ઞાનપંચમી-વિર સંવત્ [illegible])

જો તમારે તત્વજ્ઞાનના ઉત્તમ [illegible] , માર્ગ અને [illegible] [illegible]
હોય અને પોતાનું [illegible] [illegible] હોય, તો [illegible] [illegible].

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા અવશ્ય વાંચો.

મજકુર ગ્રન્થમાળામાં [illegible] ગ્રન્થો પ્રગટ થયેલા છે, [illegible] [illegible] કરી, તમારા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. અતિ આ ગ્રન્થોના [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible]–[illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] થયે છે. [illegible] ગ્રન્થોમા [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible].

વૈરાગ્ય, ઉપદેશ, અને બોધ, [illegible] [illegible] [illegible] કરી નાખે છે. [illegible] પહેલાના સાર વિચારવૃત્તિ [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] અને [illegible] તથા [illegible] [illegible] [illegible] [illegible] થાય છે અને તે મુજબ આ ગ્રન્થો છે.

માત્ર વાચકોના હિત [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પ્રકાશક [illegible] [illegible]–[illegible] [illegible] [illegible] [illegible] કરી છે–ઓછા કિંમત [illegible] [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible]–[illegible], [illegible] [illegible] અપનાર માટે વધુ નકલો મંગાવનારને ([illegible] [illegible] [illegible]) [illegible] ઓછી કીંમતે આપવામાં આવે છે.

જેઓને પ્રગટ થયેલ પુસ્તકો અને [illegible] [illegible] [illegible] [illegible] પોતાના મુરબ્બી કે સ્નેહી અને [illegible] [illegible] [illegible] ઈચ્છા હોય તેમને તે મુજબ [illegible] [illegible] [illegible] [illegible].

પત્રવ્યવહાર–[illegible] [illegible] [illegible] [illegible] [illegible] સરનામે કરવો.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળાના પ્રગટ થયેલા ગ્રન્થો.

ગ્રંથાંક			પૃષ્ઠ	[illegible]
૧. [illegible] ભજન સંગ્રહ ભાગ ૧ લો.	—	—	[illegible]	
૧ અધ્યાત્મ વ્યાખ્યાનમાળા	—	—	[illegible]	
૨. ભજનસંગ્રહ ભાગ ૨ જો	—	—	૩૩	
૩. ભજનસંગ્રહ ભાગ ૩ જો	—	—	[illegible]	
૪. સમાધિ શતકમ્	—	—	[illegible]	
૫. અનુભવ પચ્ચિસી	—	—	[illegible]	